Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

શ્રી

# જૈન ધર્મ પ્રકાશ.

પુસ્તક ૩૯ મું. } અંક ૧૦ મો. } { પોષ. { સંવત ૧૯૮૦

## અનુક્રમણિકા.


૧ બોધદાયક દોહરા. (ઉજાસ–જુનાગઢ) ૨૯૭
૨ આત્મ ઉપદેશ (કચ્છાવિ) .... .... .... ૨૯૮
૩ આપણો આ જમાનો. (ભીખાભાઈ છગનલાલ) ૨૯૯
૪ ક્રોધવિષે ગઝલ. .... .... .... .... .... .... ૩૦૦
૫ મનને શિખામણ–પદ. (નગીનદાસ જેઠાભાઈ) ૩૦૧
૬ ચિદાનંદજી કૃત પદ ૧૮ મું. વ્યાખ્યા યુક્ત (સ. ક. વિ.) ૩૦૨
૭ ,, પદ ૧૯ મું. ,, (સ. ક. વિ.) ૩૦૨
૮ સદ્ધર્મ પુરૂષાર્થવડેજ ખરૂં સ્વરાજ્ય મેળવી શકાય. (સ. ક. વિ.) ૩૦૩
૯ આપણી પ્રજા નિર્બળ નિઃસત્વ કેમ બને છે? (સ. ક. વિ.) ૩૦૫
૧૦ પ્રશ્નોત્તર (પ્રશ્નકાર નગીનદાસ પુનમચંદ. નાણાવટી) ૩૦૬
૧૧ ,, (પ્રશ્નકાર જીવનલાલ રાયચંદ. બલેડા) ૩૧૪
૧૨ લાલા લજપતરાયના પાંચ મુદ્દાના ઉત્તર. (પંડિત લાલન) ૩૧૬
૧૩ નવયુગના જૈન સાધુ. (મહેતા પરભુદાસ.) ૩૧૯
૧૪ મહાપુરૂષોના વિચાર રત્નો. (જયંતિલાલ છબીલદાસ) ૩૨૧
૧૫ ઉચ્ચ કેળવણી. તે મેળવવાના દ્વાર. (અમૃતલાલ છોટાલાલ) ૩૨૩
૧૬ સોનેરી સૂત્રો. (અમૃતલાલ છોટાલાલ) ૩૨૫
૧૭ જૈન વીરો! હવે તો જાગો! (પી. એન. શાહ.) ૩૨૫
૧૮ પુસ્તક વિગેરેની પહોંચ. .... .... .... ૩૨૭


પ્રગટ કર્તા.
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા,
ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧–૮–૦
પોસ્ટેજ રૂ. ૦–૪–૦

ભાવનગર–'શારદાવિજય' પ્રી. પ્રેસમાં શા. મદુલાલ લલ્લુભાઈએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારૂં પુસ્તકપ્રસિદ્ધિ ખાતું.

૧. છપાય છે.

૧ શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ. આવૃત્તિ ત્રીજી.
૨ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા ભાષાંતર–વિભાગ ૨ જો.
૩ શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર. વિભાગ ૧ લો. આવૃત્તિ ત્રીજી.
૪ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૭–૮–૯ (આવૃત્તિ ત્રીજી)
૫ શ્રી વર્ધમાન દેશના. પ્રાકૃત. સંસ્કૃત છાયા સાથે.
૬ શ્રી હિતશિક્ષાના રાસનું રહસ્ય (જૈન ધર્મ પ્રકાશમાંથી)
૭ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૩ થી ૬. આવૃત્તિ ૩
૮ શ્રી ચઉસરણ વિગેરે ચાર પયન્ના–મૂળ. આવૃત્તિ બીજી.
૯ શ્રી ભોજ પ્રબંધ ભાષાંતર.
૧૦ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર. મૂળ, સાર્થ. કથાઓ સહિત.
૧૧ શ્રી વિજયચંદ્ર કેવળી ચરિત્ર ભાષાંતર. (આવૃત્તિ બીજી)

૨. તૈયાર થાય છે.

૧૨ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર
૧૩ શ્રી પ્રકરણ પુષ્પમાળા. વિભાગ ૩ જો. (નાના નાના પ્રકરણો–સાર્થ.)
૧૪ ચારે દિશાના તીર્થોની તીર્થમાળા. (સાર્થ)

---

# શ્રી ગીરનારજી તળાટીપર રસોડું.

આ રસોડું ગયા વર્ષમાં ખોલવામાં આવ્યું છે. તે ચોમાસું બેસતાં બંધ કરવામાં આવેલું તે પાછું કાર્તિક વદી ૧ થી ખોલવામાં આવ્યું છે, તે અષાડ શુદિ ૧૪ સુધી ખુલું રહેશે. તેની અંદર યાત્રાળુ યાત્રા કરીને ઉતરે. તેને રાંધેલો ખોરાક આપવામાં આવે છે. કાંઈ પણ ફી લેવામાં આવતી નથી. રૂ. ૫ ની અંદરની રકમ સહાય તરીકે પણ લેવામાં આવતી નથી. માણસોને શીખ આપવાની મનાઈ છે. નવાણુ યાત્રા કરનારને માટે આ સગવડ બહુજ ઉપયોગી છે. ડુંગર ઉપર રાત્રી રહેવાથી આશાતના થાય છે, તેના નિવારણને માટે સંગીન ઉપાય છે. એના ધારા ૨૭ કલમના છપાયેલા છે, તે કારખાના ઉપર લખવાથી મળી શકશે. આ કાર્યમાં ભાઈ શ્રી વેણીચંદ સુરચંદનો પૂરતો પ્રયાસ છે. શુભ નિમિત્તે નાણા મેળવવાની તો તેમનામાં લબ્ધિ છે. જુનાગઢ ખાતે ભાઈ ડાયાલાલ હુકમચંદનો સારો પ્રયાસ છે. ખાતું નિર્દોષ છે. અમે તે ખાતાની પ્રગતિ ઇચ્છીએ છીએ. ઉદાર દિલના ગૃહસ્થોએ સહાય આપવા યોગ્ય છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# जैन धर्म प्रकाश.

जं कल्ले कायव्वं, तं अज्जंचिय करेहु तुरमाणा।
बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥ १ ॥

"જે કાલે કરવું હોય ( શુભ કાર્ય ) તે આજેજ અને તે પણ ઉતાવળે કર, કારણકે એક મુહૂર્ત્ત ( બે ઘડી ) પણ ઘણા વિઘ્નવાળું હોય છે, માટે બપોર સુધી પણ ખમીશ નહીં"
( વિલંબ કરીશ નહીં. )

પુસ્તક ૩૯ મું. ] પોષ—સંવત ૧૯૮૦. વીર સંવત ૨૪૫૦. [ અંક ૧૦ મો.

## " બોધદાયક દોહરા. "

સારી સોબત હોય તો, સાચો ઉપજે સંગ;
મુરખની મિત્રાઇમાં, ભલી ઉમેદો ભંગ. ૧

ખુબી અપાવે ખલકમાં, કીર્તિ અપરંપાર;
હીરો ન્હાનો હોય પણ, માગે મૂલ્ય હજાર. ૨

પૈસાદારને દેખીને, શિશ નમો ના કોય;
સજ્જનના દર્શન કર્યે, ભવતારણ સુખ હોય. ૩

સજ્જનસેં સજ્જન મીલે, કરે દો દો બાત;
ગદ્ધાસેં ગદ્ધા મીલે, કરે દો દો લાત. ૪

લુંટી રાંકની બાજરી, બન નહી પૈસાદાર;
એ પૈસાથી ભવતણો, પામે કો નવ પાર. ૫

મોહી જગજંજાળમાં, મૂરખ મન મુંઝાય;
શાણા સંસારે રહી, સાર પીએ ને પાય. ૬

કરીએ તેવું પામીએ, દગો સગો નહી થાય;
અંધારૂં દીવા તળે, લોભે લક્ષણ જાય. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માયા વણની કોટડી, કાયા તારી જાણ;
કાળ ઝપાટો વાગતાં, પડશે એ મસાણ. ૮
સમજી સાવધાન નર રહો, લહો પ્રભુનું નામ;
ક્યારે કાળ ઝપાટશે, જાણ્યું નવ કો વાત. ૯
દીવસ પર દીવસ વહે, કરે કાળ નીજ કામ;
તો પણ નેણ ખુલે નહિ, એ અફસોસ અમાપ. ૧૦

સંગ્રાહક:—જુનાગઢ "ઉત્તમ."

## खास उपदेश.

### કવ્વાલિ.

વિશ્વમાં માનવી હોંશે, જન્મથી બોલતાં શીખ્યા;
પરંતુ કાજ સાધીને, કથનનો અંત ના આણ્યો. ૧
કહેલું એક બીજાનું, સાંભળીને વદે સહુકો;
ઈતીશ્રીને કહી કોઇએ, કથનનો અંતના આણ્યો. ૨
સહુનો દેશના પ્રેમી, કરોને દેશની સેવા;
કરી બહુ ભાષણો એવાં,— કથન૦ ૩
હજારો આદમી ભેગા, થઇને ઠાઠ બહુ કીધો;
વદીને વાણીઓ મીઠી,— કથન૦ ૪
પ્રભુ શ્રીવીરના પગલે, ચાલવું આપણે જોઈએ;
ગાઈને ગીત બહુ એવાં,— કથન૦ ૫
વિચારી ખુબ વિચારો, હૃદયમાં હોંશથી સહુએ;
વચનમાંહિ ઉચ્ચારીને,— કથન૦ ૬
સભાઓમાં મળી સહુએ, કર્યા બહુ પાસ ઠરાવો;
અમલમાં કિન્તુ મુકીને,— કથન૦ ૭
કરી પરમાર્થનાં કાર્યો, સ્તુતિના પાત્ર થઈ જગમાં;
રમીને રમ્ય મારગમાં,— કથન૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચોપડો આ મજાનો.

લા. શા. ભીખાભાઇ છગનલાલ

મંદાક્રાંતા છંદ.

વ્હાલી વ્હાલાં, વિષયવમળે, જીંદગી સર્વ ખોઇ,
સાથે આવે, વસુ ન વનિતા, શાંતિ લે લેશ રોઇ;
ધીંગાણામાં, ધરણી ધનના, ના સ્મર્યા વિશ્વદેવા,
પાળી આજ્ઞા, સદ્ગુણીતણી તેં, માની ત્યાં સત્ય સેવા. ૧
કાળાં ધોળાં, જર જમીન ને, જોરૂના કારણે તેં,
કીધાં લીધાં, ગરીબજનના, શ્રાપ ઓવારણે તેં;
વાવ્યાં બીજો, ભવભ્રમણનાં, દ્વેષના ક્લેશકારી,
મિથ્યા રાગે, નરભવ છતાં, વિષ પીધું વધારી. ૨

* * * *

વ્હાલા ભાઇ, ભગવંત સ્મરી, માર્ગ ભાતું[1] કરી લે;
લેણું દેણું, ઝટ લઇ દઇ, સાફ ખાતું કરી લે;
માફી આપી, હૃદયથી વળી, માફી તું માગી લે ને,
જેને કાજે, ભવભ્રમણ તે, કારણો ત્યાગી દે ને.

* * * *

જોતાં જોતાં, અગણુચ ગયો, કાળ તો આવવાનો,
રોતાં રોતાં, મુક્તિ ન મળે, ના દયા લાવવાનો;
થોડી રાતે, ભજવણી ઘણી. શું સુતો સોડ તાણી,
ગોયમ ગોયમ, ક્ષણ ન ઉંઘવું, એહવી વીરવાણી. ૪
આવ્યો ક્યાંથી ? કહીં વળી જવું ? કોણ હું આ બધું શું
મારૂં શું છે ? સુખી દુઃખી વળી, શાથી આ સર્વથી હું
શું કર્તવ્યો ? નરજીવનનાં, પ્રશ્નમાં છે ખજાનો,
કાં જોતો ના, વણિક[2] થઇને, ચોપડો આ મજાનો. ૫

---

૧ ભાતામાં ભૂલે જીવ મુસાફર, સફળ થાએ કેમ પછી સફર;
ચપળ ગતિના વચમાં છે ચક્કર, વાટમાં વસમી ઝીલવી ટક્કર.

મહુંમ—ડાહ્યાભાઇ ધોળશાજી ઝવેરી.

૨ વણિક એટલે કુશળ વ્યાપારી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ક્રોધવિષે ગઝલ.

## " ક્રોધ છે પૂર્ણ દુઃખદાયી. "

કરો ના ક્રોધ છે બૂરો, ધર્મનો ઘાતકી પૂરો;
કરે છે પુણ્યનો ચૂરો, ક્રોધ છે પૂર્ણ દુઃખદાયી. ૧
દેહને અગ્નિસમ બાળે, ચિત્તની સ્થિરતા ટાળે;
રકતને ખુબ ઉકાળે, ક્રોધ છે પૂર્ણ દુઃખદાયી. ૨
ક્રોધને ઢેડ સમ જાણો, હૃદયમંદિર કાં આણો;
શાંતિમાં મોજ તો માણો, ક્રોધ છે પૂર્ણ દુઃખદાયી. ૩
ક્રોધના વેગમાં આવી, વેરનાં બીજને વાવી;
ખુઓકાં જીંદગી આવી, ક્રોધ છે પૂર્ણ દુઃખદાઈ. ૪
બુદ્ધિશાળી બન્યા છોડો, ક્રોધની પ્રીતને તોડો;
ક્ષમાથી મિત્રતા જોડો, ક્રોધ છે પૂર્ણ દુઃખદાયી. ૫
ચઢે છે ક્રોધ જે કાળે, ભલું બૂરૂં નહીં ભાળે;
ભૂમિથી ઉંચે ઉછાળે, ક્રોધ છે પૂર્ણ દુઃખદાયી. ૬
ત્રિદોષી રોગીના ચાળા, કરો શાને તહ્મે વ્હાલા;
પડો કાં દુર્ગતિ ઠાલા, ક્રોધ છે પૂર્ણ દુઃખદાયી. ૭
ક્રોધથી ના રહે નીતિ, ભૂલાવે કુળની રીતિ;
છોડાવે ઈશની ભીતિ, ક્રોધ છે પૂર્ણ દુઃખદાયી. ૮
ક્રોધથી સભ્યતા નાસે, અક્કલના અંશ રહે પાસે;
તમારી આબરૂ જાશે, ક્રોધ છે પૂર્ણ દુઃખદાયી. ૯
થશો જો ક્રોધના વશમાં, ન રહેશે નામ માણસમાં;
રહેશે ખામી તો યશમાં, ક્રોધ છે પૂર્ણ દુઃખદાયી. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનને શીખામણ.

( ચેતનજી ચેતો, કોઇ નહીં દુનિયામાં ત્હારૂં-એ દેશી )

મૂરખ આ મનડા ! કહેને શું કરવું ત્હારા માટે ?
બદમાશી બેસર બનીયું, તું તો બાર વાટેરે— મૂરખ૦
સમયે સમયે જાય તું છટકી, ઘડી પણ રહે નહિ ઘાટે;
સિદ્ધા રસ્તે તું નહિ સંચરતું, વળતું વેગે તું આડી વાટેરે. ॥ મૂ૦ ॥ ૧
ધારૂં હું કાંઇ ને તું કાંઇજ ધરાવે, કૃત્યો કરાવે શીર સાટે;
ઠીક ઠેકાણે તું લેશ ના ઠરતું, મુંઝાઇ મરીયે ત્હારા માટેરે. ॥ મૂ૦ ॥ ૨
બાગ બંગલા બહુ લાડી ગાડીમાં, હરદમ ધર જર હાટે;
કુટુંબ કબીલાદિ કૃત્યોની તું, મારે છે વિંટબણ માથેરે ॥ મૂ૦ ॥ ૩
દાન દયાદિકમાં અવળા દોરી, હરામી કરાવે નહિ હાથે;
દેવ ગુરૂ ધર્મે તારી દુર્જનતા, જ્ઞાને ધ્યાને ના ગુરૂ સાથેરે. ॥ મૂ૦ ॥ ૪
જન્મો જન્મના દુઃખો જે ઝેરી, તે પણ સહ્યાં તુજ માટે;
ફેરા જે લાખ ચોરાશી ફરીઓ, તેહી સઘળું તારે માટેરે. ॥ મૂ૦ ॥ ૫
નગીન કહે નક્કી કરશું તેહના, સર્વે ખુલાસા ગુરૂ સા ;
સદ્‌ગુરૂ સંગે તેહના સાધન. મેળવીશું ત્હારા માટેરે. ॥ મૂ૦ ॥ ૬

નગીનદાસ ગટાભાઈ

---

# ચિદાનંદજી કૃત–પદ ૧૮ મું.

(રાગ પ્રભાતી)

(માન કહા અબ મેરા મધુકર ! માન૦ એ આંકણી.)

નાભિનંદકે ચરણસરોજમેં, કીજે અચલ વસેરા રે;
પરિમલ તાસ લહત તન સહેજે, ત્રિવિધ તાપ ઉતેરા રે. માન૦
ઉદિત નિરંતર જ્ઞાનભાન[2] જિહાં, તિહાં ન મિથ્યાત્વ અંધેરા રે;
સંપુટ હોત નહીં તાતેં કહા, સાંજ કહા સવેરારે. માન૦
નહીંતર પછતાવોગે આખર, બીત ગયા યો વેરારે;[3]
ચિદાનંદ પ્રભુ પદકજ સેવત, બહુરિ ન હોય ભવ ફેરારે. માન૦

વ્યાખ્યા—હે મન ભમરા ! મારૂં માનીને હવે તું ઋષભદેવ પ્રભુના ચરણકમળમાં કાયમ સ્થિતિ કર. તેની મીઠી સુવાસ જે સદ્‌ભાગી નિત્ય મેળવે

૧. આત્મા. ૨. જ્ઞાનભાનુ–જ્ઞાનરૂપ સૂર્ય. ૩. વેળા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે તેનો ત્રિવિધ તાપ શાન્ત થાય છે. ૧. જ્યાં કેવળજ્ઞાન-સૂર્ય સદોદિત રહે છે (કદાપિ અસ્ત પામતોજ નથી) ત્યાં મિથ્યાત્વ--અંધકાર સંભવેજ શી રીતે ? વળી સંપૂર્ણ લક્ષ્મીવાળાં પ્રભુનાં ચરણકમળ દિનરાત સદાય ખુલ્લા--વિકસિતજ રહે છે. ધારે તે ભવ્યાત્મા તેની સુવાસ લુંટી શકે છે. ૨. એવા ઉત્તમ પાવન ચરણકમળમાં કાયમી સ્થિતિ કરવાનું તથાવિધ ભાગ્ય વગર સાંપડતું નથી. એવી ઉત્તમ તક ખોઇ દીધી તો પછી પરિણામે પસ્તાવુંજ પડશે, છતાં કંઇ વળશે નહીં. એ સર્વજ્ઞ પ્રભુના ચરણકમળને સદ્ભાવથી સેવતાં પ્રાયે સદ્ભાગી જનોને ભવભ્રમણ કરવુંજ ન પડે. થોડા વખતમાંજ જન્મ મરણથી મુક્ત થઈ શાશ્વત મોક્ષસુખને પામે.

**સાર બોધ**—સોરઠ દેશમાં સુપ્રસિદ્ધ શત્રુંજય, સિદ્ધાચળ પ્રમુખ અનેક ઉત્તમ નામોથી વખણાતા પવિત્ર ગિરિરાજ ઉપર જેને અઢારે આલમ માને છે એવા શ્રી આદિદેવ પ્રભુ બિરાજે છે. તીર્થપતિ શ્રી આદીશ્વર પ્રભુ એ પવિત્ર પર્વત ઉપર અનેકવાર આવી સમવસર્યા છે અને તેમના ઉપદેશામૃતનું પાન કરી સ્વહિત સાધવા ઉજમાળ થયેલ અનેક કોટિ ભવ્યાત્માઓ એ સ્થળે પરમપદ-મોક્ષ પામ્યા છે, તેથી એ તીર્થ સિદ્ધક્ષેત્રાદિક અનેક ઉત્તમ નામથી વખણાય છે. તેમના પવિત્ર વંશમાં ઉત્પન્ન થયેલા અસંખ્ય રાજાઓ પ્રમુખ ત્યાંજ સિદ્ધિપદને પામ્યા છે. ત્યારબાદ પણ અસંખ્ય ભવ્યાત્માઓએ એ ઉત્તમ તીર્થ અને તીર્થપતિના આલંબને સ્વકલ્યાણ સાધ્યું છે. એવો એ તીર્થરાજ અને તીર્થપતિનો અતુલ મહિમા જાણી અદ્યાપિ અનેક ઉત્તમ જનો એ તીર્થપતિની તન-મન-ધનથી સેવા-ભક્તિ કરતા રહે છે. એનો અદ્ભુત મહિમા કંઇક વિસ્તારથી શ્રી શત્રુંજયમાહાત્મ્યમાં વર્ણવેલ છે. બાકી તો અનુભવથી તેની ખાત્રી કરી શકાય છે. જેમણે છતે યોગે એમના દર્શન સ્પર્શન કર્યાજ નથી તેઓ બાપડા દયાપાત્ર છે. સાવધાનપણે એમની યથાવિધિ સેવા કરનારા સહેજે સકળ દુઃખનો અંત કરી અક્ષય અવિનાશી પદ પામે છે. સહુને એવો અપૂર્વ લાભ લેવાનું બનો.

## પદ ૧૯ મું.

### (રાગ ધન્યાશ્રી)

(ભૂલ્યો ભમત કહા બે અજાન, ભૂલ્યો૦ એ **આંકણી.**)

આલપંપાલ સકળ તજ મૂરખ, કર અનુભવરસ પાન. ભૂલ્યો૦ ૧
આય કૃતાંત[1] ગહેગો ઈક દિન, હરિ મૃગ જેમ અચાન;
હોયગો તનધનથી તું ન્યારો, જેમ પાકયો તરૂપાન. ભૂલ્યો૦ ૨
માત તાત તરૂણી સુખસેંતી, ગરજ ન સરત નિદાન;
ચિદાનંદ એ વચન હમેરા, ધર રાખો પ્યારે કાન. ભૂલ્યો૦ ૩

૧. કાળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યાખ્યા–આત્માને (આત્માના સ્વરૂપને) જાણ્યા સમજ્યા વગર તું ભૂલ્યો ભમે છે અને બીજું ગમે એટલું ભણ્યું હોય છતાં તું ખરી વાત (આત્માના રહસ્ય) થી અજાણ હોવાથી અજાણજ કહેવાય છે. નકામી આળ પંપાળમાં તારો સમય બરબાદ કરી નાંખે છે, તેથી તું મૂર્ખ ઠરે છે. હે બંધુ ! આત્માનો અનુભવ થાય એવા શાંત જ્ઞાનામૃતનું પાન કરી તારી રહેણી કરણીને સુધારી હવે તું સુખી થા. ૧. તારે બરાબર સમજી રાખવાનું છે કે એક દિવસ જેમ સિંહ મૃગલાને પકડી લે છે તેમ કાળ ઓચિંતો આવી તને ઝડપી લેશે તે વખતે તારૂં કશું ચાલવાનું નથી. ત્યારે તો પાકેલા પાન જેમ ઝાડથી જૂદા પડી ખરી જાય છે તેમ તું પણ તન મન ધનથી અવશ્ય જૂદો થઇ જઈશ. ૨. માતા પિતા અને સ્ત્રી પુત્રાદિકથી નિશ્ચે તારો સ્વાર્થ સરવાનો નથી; કેમકે સૌ સ્વાર્થનાંજ સગાં હોઈ સ્વાર્થનિષ્ઠ હોય છે. એ અમારી વાત બરાબર લક્ષગત રાખી ગફલત કરીશ નહીં. એમ પરોપકારરસિક શ્રી ચિદાનંદજી મહારાજ કહે છે. ૩.

**સાર બોધ**–જીવ મુગ્ધતાથી જે શરીર, કુટુંબ કબીલાદિક માટે મોહવશ મરી પડે છે તે સંબંધ બધાય કારમાં ક્ષણિક ને સ્વાર્થી છે. નિત્યમિત્ર સમો દેહ અને પર્વમિત્ર સમાં સ્વજન કુટુંબી જનો પોતાનો સ્વાર્થ સરે ત્યાં સુધીજ સંબંધ ધરાવે છે. ખરો નિઃસ્વાર્થ સંબંધ (નાતો) તો કેવળ જૂહારમિત્ર સમા ધર્મનોજ છે. અને તે પરદુઃખભંજક હોઇ સુજ્ઞજનોએ સદાય આશ્રય કરવા યોગ્ય છે. ત્રણે મિત્રોની કથા ઉપદેશમાળાની ટીકાના ભાષાન્તરમાંથી જોઈ, વિકરાળ મોહને તજી, ધર્મપ્રેમ જગાડવો અને તેનેજ સાચવી પોષ્યા કરવો જોઈએ. અનંતકાળ સુધી ભવચક્રમાં ફરતાં ફરતાં આવો દુર્લભ મનુષ્યભવ ભાગ્યયોગે મળ્યો છે તે જ્ઞાનચક્ષુ ખોલી સાર્થક કરી લેવા ચૂકવું ન જોઇએ. ઘણાએક મુગ્ધજનો 'આ ભવ મીઠા, પરભવ કોણે દીઠા' એવા નાસ્તિક પ્રાય વચનો વદી અનાચાર કે દુરાચારને સેવી બધો ભવ હારી જાય છે. સુજ્ઞ જનો તો સદાચારથી તેને સાર્થકજ કરે છે.

(મુ. ક. વિ.)

---

## સદ્ઉદ્યમ પુરૂષાર્થવડેજ ખરૂં સ્વરાજ્ય મેળવી શકાય. પાત્રતા–યોગ્યતા મેળવ્યાથીજ તેની પ્રાપ્તિ થઇ શકે.

સ્વરાજ્ય મેળવવા અત્યારે ભારે ચળવળ ચાલી રહી છે. તેમાં અનેક ભાઈ બ્હેનો હોંશથી ભાગ લે છે અને કંઇક તેમાં સક્રિય ભાગ લેવા ઇન્તેજાર હોય છે. તેથી તમને સહુને સ્વરાજ્યનો ખરો અર્થ પ્રતિત થવા સાથે તેની પ્રાપ્તિ માટેનો ખરો ઉપાય લક્ષ્ય થાય એ ખરેખર સુજ્ઞ જનોને ઇચ્છવા યોગ્ય છે. સ્વ–આત્મા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવું રાજ્ય-સંપદા તેજ ખરૂં સ્વરાજ્ય. સત્ય જ્ઞાનાદિક આત્માની વિભૂતિ પ્રગટે તેજ સ્વરાજ્ય. તેવું સ્વરાજ્ય પ્રગટ કરવા જે જે ખરાં સાધન જોઇએ તે સ્વાધીન કરી લેવાં તે પણ ઉપચારથી સ્વરાજ્ય લેખાય. જ્યાંસુધી આપણે પરાધીન-પરવશ-પરાધીન-ગુલામ જેવી દીન-લાચાર સ્થિતિમાં હોઇએ ત્યાંસુધી ખરાં સાધનો આપણે મેળવી ન શકીએ અને તેવાં સત્ સાધનો હસ્તગત કરી તેનો યથાર્થ ઉપયોગ કર્યા વગર આપણે સાચું સ્વરાજ્ય ક્યાંથી પામીએ ? સાચા સ્વરાજ્યથી તો આપણા આત્મામાં રહેલા અનંત જ્ઞાનાદિક ગુપ્ત ગુણ-સમૃદ્ધિનું આપણને યથાર્થ ભાન થતાં તેમાં દ્રઢ પ્રતીતિ થવા સાથે તે પ્રાપ્ત કરી લેવા પૂર્ણ ઉત્સાહ પ્રગટે. કાયરતા યા પ્રમાદ માત્રને તજી આપણે સ્વ-સંપત્તિ પ્રાપ્ત કરવા સાચો પુરૂષાર્થ અચૂક આદરીએ અને તેના પરિણામે આપણી સહજ સ્વાભાવિક અનંત જ્ઞાન વીર્યાદિક સંપદા અવશ્ય પ્રાપ્ત કરી લઇએ. બાહ્ય અને અંતરંગ એમ બે પ્રકારનાં એ સ્વરાજ્યપ્રાપ્તિનાં સાધન લેખી શકાય. આર્ય ક્ષેત્ર, ઉત્તમ કુળ-જાતિ, પાંચે ઇન્દ્રિયો પરવડી અને શરીર નીરોગી એ ઉપરાંત સુગુરૂનો યોગ એ બધાં બાહ્ય સાધન લેખાય. જ્યારે સુસભ્યતા-વિનય વિવેકાદિક આદરી સદ્ગુરૂનો સમાગમ કરી તેમની પ્રસન્નતા મેળવે, તેમની સમીપે તત્ત્વવચનનું ભારે આદર બહુમાન સાથે શ્રવણ કરે, તેનું મનન પરિશીલન સેવી આપણા આત્મામાં તેનું યથાર્થ પરિણમન કરે, કે જેથી યથાર્થ તત્ત્વરૂચિ સાથે યથાર્થ તત્ત્વજ્ઞાન અને યથાર્થ આચરણ થવા પામે અને આપણા-માં રહેલી અનંત વીર્યશક્તિ ખરા વૈરાગ્ય અને અભ્યાસના બળથી પ્રગટ થવા પામે. એ સર્વે સાચા સ્વરાજ્યનાં અંતરંગ સાધન સમજવાં. બીજી રીતે કહીએ તો તેની આડે આવતાં બાહ્ય અને અંતરંગ અંતરાયો આપણે પ્રથમ દૂર ખસેડવા જોઇએ. મન અને ઇન્દ્રિયોના અનેક પ્રકારનાં પ્રલોભનો અને તેવાં તુચ્છ ક્ષણિક કલ્પિત સુખ ને સ્વાર્થમાં મુંઝાઇ, અનેક જીવોની ખોટી લટપટ ખુશામત કરી, ક્ષુદ્ર જીવોને હેરાન ન કરવાં જોઇએ અથવા લોકપ્રવાહમાં નાહક તણાવું ન જોઇએ. અને હિંસા અસત્યાદિક પાપકર્મોનો બને તેટલો ત્યાગ કરવા સાથે ક્રોધ માન માયા અને લોભરૂપ દુષ્ટ કષાયોનો જય કરીને આપણાં મન વચન અને કાયા યા વિચાર વાણી ને આચારમાં રહેલી વિષમતા ટાળીને તેમને શુદ્ધ પવિત્ર બનાવી લેવાની પૂરી જરૂર સ્વીકારી બને તેટલી ચીવ-ટથી ખરો સંયમ સેવવો જોઇએ. ઇતિશમ્ મુ. ક. વિ.

તા–ક. જો સાચું સ્વરાજ્ય પ્રાપ્ત કરવું ઇષ્ટજ હોય તો આપણે સહુએ પ્રાપ્ત સાધનોનો સદુપયોગ કરી લેવા સફળ પ્રયત્ન સેવવો જોઇએ. નિત્ય જીવન કલહને શાન્ત કરવા માટે વગર જરૂરની કેટલીએક વસ્તુઓ શિવાય ચલાવી લેવા ટેવાવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇએ. એમ કરવાથી નકામી ઘણી એક ઉપાધિ સહેજે ઓછી થઇ શકશે. આપણો અમૂલ્ય સમય અને શ્રમ ઘણોએક બચશે, ઘણું ખર્ચ કમી થઇ જશે અને થોડા ખર્ચે મજાથી રહી શકાશે. સહુએ કરકસરથી રહેતાં જરૂર શીખી લેવું જોઇએ. કૃપણતા કરવાથી જેમ અપવાદપાત્ર થવાય છે તેમ ઉડાઉ ખર્ચ કરવાથી પણ નિંદાપાત્ર બનાય છે; તેથીજ નકામાં ઉડાઉ ખર્ચો કરવાંજ નહીં. અથવા તો જરૂર કમી કરી નાંખવાં, જેથી થોડા ખર્ચે સુખે સ્વજીવન નિર્વાહ ઉપરાંત કુટુંબ નિર્વાહ પણ થઇ શકશે અને અધિક ગુંજાશ હશે તો અન્ય સીદાતા જનોને યોગ્ય આલંબન–ટેકો આપી શકાશે. આંખો મીંચી ઉડાઉ ખર્ચ કરનારને છેવટે પસ્તાવું પડે એવી કફોડી સ્થિતિ પણ થઇ આવે એ બનવા જોગ છે. પ્રથમથીજ સમજી દીર્ઘદ્રષ્ટિ વાપરી વૃત્તિસંક્ષેપથી નિર્વાહ કરનાર ભાઈ બ્હેનોને સંતોષયોગે જ્યાં ત્યાં સુખ સાંપડી શકે છે. ખાનપાન વસ્ત્રપાત્રદિક કોઈ પણ પ્રસંગે ખરી જરૂરીયાત તરફજ આપણું લક્ષ રાખવું ફાયદાકારક છે. તેમાં પણ શુદ્ધ સ્વદેશી ચીજ મળી શકે ત્યાં સુધી તેનાથી ચલાવી લેવું કે જેથી સ્વદેશી ધર્મની પણ સહેજે રક્ષા થઈ શકશે, વિદેશી ચીજોનો મોહ તજવાથી શુદ્ધ સ્વદેશી વસ્ત્રાદિક વાપરવા ભણી અધિક રૂચી જાગશે, અને આપણા જીવનમાં સાદાઇનું તત્ત્વ દાખલ કરી કરકસરથી ચાલતાં સહેજે આપણે સ્વપર ઉન્નતિ સાધી શકીશું. એ રીતે સ્વરાજ્યનું સાધન સફળ થશે. સ. મુ. ક.

## 'આપણી પ્રજા નિર્બળ–નિ:સત્વ કેમ બને છે ?
### (તે દોષથી સવેળા ચેતીને ઉગરી જવાની જરૂર.)

જ્યારે બીજી પ્રજાને આપણે સબળ અને ઠીક સત્ત્વવાળી જોઇએ છીએ ત્યારે ઉપલો પ્રશ્ન આપણને સહેજે ઉઠે છે. આપણી ભાવી સ્થિતિ સુધારવાની લાગણીથી આવો પ્રશ્ન થવો ઉપયુક્ત છે. કઇક વખત કૌતુકબુદ્ધિથી આપણે પ્રશ્નો કરીએ છીએ અને તેનું ખરૂં સમાધાન મેળવ્યા છતાં આપણી ભૂલ સુધારવા પ્રમાદવશ પ્રયત્ન કરતા નથી. જો આપણી દુ:ખદાયક ભૂલનું ખરૂં ભાન થયુંજ હોય તો તે તત્કાળ સુધારી લેવા મથવું જોઇએ. તેમાં ઉપેક્ષા કે બેદરકારી કરવાથીજ ખરેખર આપણાં અનેક દુ:ખોનો અંત જલદી આવતો નથી, અને ઉલટો તેમાં દિનપ્રતિદિન વધારોજ થતો જાય છે. એ બૂરી ટેવ જરૂર સુધારવી જોઈએ. પ્રથમ તો અજ્ઞાનવશ માતપિતાદિક વડીલો કેવળ કાચી–કોમળ વયનાં બાળકોનાં લગ્ન કરી નાંખી તેમની ભારે પાયમાલીનું કારણ ઉભું કરે છે. બાળક–પુત્રને ૨૫ વર્ષ પહેલાં ને પુત્રીને ૧૬ વર્ષ પહેલાં લગ્નમાં જોડવા એ ભારે જોખમવાળું છે. કેમકે તે પહેલાં તેમનો શરીરનો બાંધો કાચો–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપૂર્ણ હોય છે. તેવે વખતે વીર્યનું સંરક્ષણ કરવાની પ્રસ્તી જરૂર હોય છે તેને બદલે તેનોજ સ્વેચ્છાથી વિનાશ કરી નાખવામાં આવે છે, તેથી તે બાળ જોડલાંની અનેક રીતે ભારે ખુવારી થાય છે. તે પોતેજ વીર્ય--સત્ત્વહીન થઈ નિર્બળ બની જાય છે. એટલે તેઓનું શરીરઆરોગ્ય બગડી જાય છે, અને અનેક જાતનાં ક્ષયાદિક રોગને વશ થાય છે. તેમ છતાં તેવી કાચી કોમળ વયે વિષયભોગનો છંદ નહીં તજી શકવાથી દિનપ્રતિદિન તેમની નિર્બળતા વધતી ચાલે છે અને થોડાજ દિવસ માસ કે વર્ષોમાં અકાળે તેમનાં આવખાનો અંત આવી જાય છે. આવી કાચી વયે તેમને જે પ્રજા થવા પામે છે તે પણ પ્રાયે બધી નમાલી–નિસ્તેજ જ થાય છે. જે બળ–સત્ત્વ-- ગુણ માતપિતામાંજ આવેલ ન હોય તે તેમનાથી થતી પ્રજામાં ક્યાંથી આવે? આથી કાચી–અપક્વ વયે બાલકોનાં લગ્ન કરી નાંખવાની રીતિ એકદમ સુધારી લેવી જોઇએ. યોગ્ય–પરિપક્વ–પાકી વય થાય ત્યાં સુધી આપણાં બાળકો નિશ્ચિંતપણે સુંદર કેળવણી લેતાં રહી પોતાની જાતને ઠીક ઉન્નત પવિત્ર બનાવે એ અવશ્ય ઇચ્છવા યોગ્ય છે. તેટલી વય સુધી પવિત્ર વિચાર વાણી ને આચરણનું શુદ્ધ ભાવથી પરિપાલન કરવા રૂપ બ્રહ્મચર્યનું સેવન જરૂર થવું જોઇએ. સુયોગ્ય વય સુધી એવા અખંડ બ્રહ્મચર્યનું પાલન કરવાવડે સંપૂર્ણ સ્વવીર્ય સંરક્ષણ કરી શકનાર જોડલાંનાં લગ્નથી જે ભાવી પ્રજા થાય તે સબળ, સત્ત્વવંત, પ્રતાપી, બુદ્ધિશાળી, ઉત્સાહી, સુશ્રદ્ધાળુ ને સદાચારી થવા પામે તે સુસંભવિત હોઇ, પોતાની ભાવી પ્રજાને સબળ, સુખી ને સદ્ગુણી થયેલી જોવા ઇચ્છતા દરેક માતપિતાદિક વડીલોએ હવે સવેળા ચેતી જવું જરૂરનું છે. ઇતિશમ્. **સ. સુ. કે.**

# प्रश्नोत्तर.

**( પ્રશ્નકાર–ભાઇ નગીનદાસ પુનમચંદ. નાણાવટી. પારીસ. )**

પ્રશ્ન ૧–નવકારના નવ પદમાંથી પાંચ પદ ગણવા કે નવે પદ ગણવા? નવ પદમાં પંચ પરમેષ્ઠી ઉપરાંત જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપ એ ચાર ગણવા કે નવકારના પાછલા ચાર પદ ગણવા ?

ઉત્તર–સંપૂર્ણ નવકાર ગણવો તો તેના નવે પદ ગણવા, એકલા પાંચ પદજ ન ગણવા, પરંતુ પ્રથમના પાંચ પદ ગણવામાં ઉપયોગની અધિક સ્થિરતા થતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તો તેટલા પદ ગણવામાં પણ વિરોધ નથી. અરિહંતાદિ નવ પદ સિદ્ધચક્ર અનુસાર ગણવા તો અરિહંતાદિ પાંચ ગુણોની પછી જ્ઞાનાદિ ચાર ગુણ ગણવા.

પ્રશ્ન ૨–નવ સ્મરણોમાંથી સવારે નમિઉણ ને કલ્યાણમંદિર ન ગણાય એમ કહે છે તે બરાબર છે? અને તે જો સવારે ન ગણાય તો રાત્રે કયા સ્તોત્ર ન ગણાય?

ઉત્તર–રાત્રે કે સવારે બધા સ્તોત્રો–સ્મરણો ગણાય. એક પણ ન ગણાય એમ સમજવું નહીં.

પ્રશ્ન ૩–જંબૂદ્વીપના ભરત ઐરવતના તીર્થંકરો મહાવિદેહ ક્ષેત્રમાં જઈ શકે કે કેમ? અને ત્યાંના તીર્થંકરો ભરત ઐરવતમાં આવી શકે કે કેમ?

ઉત્તર–જઈ શકે કે નહીં કે આવી શકે કે નહીં? એ સવાલનું કારણજ નથી; કારણકે અનાદિ કાળથી એવી પ્રવૃત્તિ છેજ નહિ. શક્તિ હોય તો પણ તેનો ઉપયોગ કોઈ વખત થયેલોજ નથી.

પ્રશ્ન ૪–ઈંદ્ર પાંચ રૂપ કરીને આવે છે તેનું કારણ શું? ઈંદ્રાણીઓ વધારે રૂપ કરે કે નહીં? વિમળેશ્વરદેવ અધિષ્ઠાયિક ગણાય છે તેને માટે શું સમજવું? મહાવિદેહને માટે અધિષ્ઠાયિક તેજ કે બીજા હોય?

ઉત્તર–ઈંદ્ર પાંચરૂપ કરીને પ્રભુના જન્મ વખતેજ આવે છે. તે પાંચરૂપ તો એક રૂપે પ્રભુને લેવા, બે રૂપે બે બાજુ ચામર વિંજવા, એક રૂપે આગળ વજ્ર લઈને ચાલવા અને એક રૂપે પાછળ છત્ર ધરીને ચાલવા માટે કરે છે. પાંચ ભરત ને પાંચ ઐરવતમાં તીર્થંકરોનો જન્મ એક સાથેજ થાય છે, તેથી પાંચે ભરતમાં સૌધર્મેંદ્ર પાંચ પાંચ રૂપ કરીને આવે છે અને પાંચ ઐરવત ક્ષેત્રમાં ઈશાનેંદ્ર પાંચ પાંચ રૂપ કરીને જાય છે અને દશે પ્રભુનો પાંચ મેરૂપર્વત ઉપરના દક્ષિણ તથા ઉત્તર બાજુના દશ સિંહાસન ઉપર એક સાથે અભિષેક થાય છે. ઈંદ્રાણીઓને પાંચ પાંચ રૂપ કરવાના નથી. તે દશે જગ્યાએ એક એક રૂપ કરીને જાય છે.

વિમળેશ્વર તો સિદ્ધચક્રનો અધિષ્ઠાયિક છે તેને બીજો સંબંધ નથી.

દરેક તીર્થંકરના અધિષ્ઠાયિક યક્ષ ને યક્ષણી દશે ક્ષેત્રમાં જુદા જુદા હોય છે અને તે પ્રભુના શાસનની રક્ષા કરે છે, ચતુર્વિધ સંઘની આપત્તિ હરે છે અને તેમનાં વાંછિત પૂરે છે.

પ્રશ્ન ૫–તીર્થંકર ને કેવળી જ્ઞાનસ્વરૂપે તો સરખા, પણ તીર્થંકરો તો ચોવીશ છે તેને અરિહંતપદથી નમસ્કાર થાય, ત્યારે કેવળીને કયા પદથી નમસ્કાર કરવો?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધમાં બધા સરખા છે પણ હજુ તેઓ તો સંસારમાં હોય છે, સિદ્ધ થયેલા નથી. મહાવિદેહમાં વર્તમાન કાળે બે કરોડ કેવળી વિચરે છે. તેમને કઇ પંક્તિમાં ગણવા ?

ઉત્તર–સામાન્ય કેવળીને સાધુપદમાંજ ગણવામાં આવે છે. સાધુપદના કેવળી, આહારક શરીરવાળા, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, શ્રુતકેવળી વિગેરે અનેક ભેદો શાસ્ત્રમાં બતાવેલા છે. સાધુપદમાં ગણવાથી તેમની મહત્તા ઘટતી નથી. સમવસરણમાં પણ છદ્મસ્થ છતાં ગણધર મહારાજા આગળ બેસે છે, કેવળી તેમની પછી બેસે છે.

પ્રશ્ન ૬–પંચ પરમેષ્ઠી ને નવપદના અધિષ્ઠાયિક તો વિમળેશ્વર દેવ છે. ચોવીશ તીર્થંકરના જુદા જુદા છે, તે પ્રમાણે કેવળીના ને સિદ્ધના અધિષ્ઠાયિક કયા દેવ હશે? તીર્થંકરના તો સિદ્ધ થયા છતાં તેજ અધિષ્ઠાયિકો કાયમ હશે પણ બીજાના અધિષ્ઠાયિક કોણ હશે ?

ઉત્તર–સામાન્ય કેવળીના ને સિદ્ધના અધિષ્ઠાયિક જુદા જુદા હોતા નથી. તીર્થંકરના પણ શાસનને અંગે અધિષ્ઠાયિક હોય છે.

પ્રશ્ન ૭–શાશ્વતી પ્રતિમાઓ અઢીદ્વીપની બહાર પણ નંદીશ્વરદ્વીપે, રૂચકદ્વીપે, કુંડળદ્વીપે ઇત્યાદિ સ્થાનકે છે, તો ત્યાં દેવી દેવો અને ઇંદ્ર ઇંદ્રાણીઓ તો વંદન પૂજન કરવા જાય પણ મનુષ્યો કેવી રીતે જઇ શકે ? જઇ શકે તો કોણ ને કયાં સુધી જઇ શકે ? તે શાશ્વતા બિંબોને ત્યાં સ્થાપવાનું કારણ શું ? અને તેના અધિષ્ઠાયિકો કોણ ? તેની પૂજા અર્ચા કાયમ થતી હશે ?

ઉત્તર–વૈતાઢ્યપર રહેનારા વિદ્યાધરો નંદીશ્વરદ્વીપ સુધી જાય છે. જંઘાચારણ મુનિઓ રૂચકદ્વીપ સુધી જાય છે. શાશ્વતા ચૈત્યો જ્યાં જ્યાં છે તે અનેક સ્થાને બતાવેલા છે. ત્યાં અમુક વખતે કોઇએ સ્થાપેલા નથી કે જેથી તેનું કારણ પૂછી શકાય. બાકી તે દેવી દેવોને મહોત્સવાદિ કરવામાં ખાસ ઉપયોગી છે. તેના ખાસ અધિષ્ઠાયિકો જુદા કહેલા નથી અને તેની પૂજા અર્ચા-નિત્ય થવાનો નિયમ નથી. ત્યાં રાત્રી દિવસની જુદી ગણના પણ નથી, કારણ કે ત્યાંના ચંદ્ર ને સૂર્યો સ્થિર હોય છે.

પ્રશ્ન ૮–સવારમાં પ્રથમ ગણધર મહારાજના નામ લેવા તે તો ઠીક, પણ ત્યારપછી સોળ સતીઓના નામ લેવાનું શું કારણ ? તે તો હજુ સંસારમાં છે. કેટલીક તો હજુ ભવ પણ કેટલાક કરનાર છે. તો તેને બદલે તીર્થંકરોના, કેવળીનાં, ગણધરોનાં અને મહાત્મા મુનિઓનાં નામો લીધા પછી સતિઓનાં નામ લેવાં એ ઠીક કે નહીં ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—સવારમાં પ્રથમ તો નવકાર ગણવા કે જેમાં સર્વ તીર્થંકરો, કેવળી અને ગણધર મહારાજા વિગેરેનો સમાવેશ થઈ જાય છે. પછી ખાસ ગૌતમ ગણધરનો છંદ બોલવો કે જેઓ મહા લબ્ધિવાન્ થઈ ગયા છે. પછી સતીઓનાં નામ ભરહેસરની સઝાયવડે લેવા અને ત્યારપછી સોળ સતીઓનો છંદ બોલવો. સતીઓનાં નામ લેવાનું ખાસ કારણ એ છે કે રાત્રી પ્રાયે અબ્રહ્મસેવનવાળી ગૃહસ્થીઓને હોય છે, તેથી ખાસ બ્રહ્મચર્ય પાળનાર અને મહાકષ્ટમાં પણ પોતાના શિયળને જાળવનાર સતીઓનાં નામ લેવાં કે જેથી અબ્રહ્મ ઉપરથી મન પાછું હઠે અને શિયળમાં જોડાય.

પ્રશ્ન—૯ શરીરના કયા ભાગ પર દૃષ્ટિ ઠરાવીને ધ્યાન કરવું ? કારણ કે તેને માટે અનેક મનુષ્યો અનેક સ્થાન બતાવે છે.

ઉત્તર—આ વિષય યોગનો છે, તેથી યોગાભ્યાસીને મળીને તે વિષે અનુભવ મેળવવો. એવો નિર્ણય થતાં સુધી ખાસ કરીને નાભી ઉપર કે નાસિકા ઉપર ( હૃદયચક્ર કે ભૃકૂટીમાં ) દૃષ્ટિ ઠરાવી પરમાત્માનું ધ્યાન કરવું. તેમના ગુણો ચિંતવવા.

પ્રશ્ન ૧૦—બાલ્યાવસ્થાથી પરમાર્થ કરવાની ભાવના હતી, તે નાસ્તિકપણામાં પણ ટકી રહી હતી. હવે ધર્મ સમજ્યા પછી તો તે ભાવના વૃદ્ધિ પામતી છે, તેથી શું ક્રિયા કરવાથી હમેશાં તે ભાવના બની બની રહે ? અને દિનપ્રતિદિન વૃદ્ધિ પામતી રહે ? તેવો માર્ગ બતાવશો.

ઉત્તર—આવા વિચારો બહુજ ઉત્તમ છે, પ્રશંસનીય છે. પ્રથમ પરમાર્થને સારી રીતે ઓળખવો, પછી પૂર્વે પરમાર્થ કરી ગયેલા મહા પુરૂષોના-વિક્રમાદિકનાં દૃષ્ટાંતો વાંચવા અને તેમનું અનુકરણ કરવાનો પ્રયત્ન કરવો. પરમાર્થમાં ખાસ પરોપકારને પ્રથમ લેખવવો. દીનજનોની અનુકંપાને આગળ કરવી અને પોતાના કુટુંબમાં, સ્વજનમાં, જ્ઞાતિમાં, સમુદાયમાં ખાનગી રીતે દુઃખી થતા માણસોની તજવીજ કરાવી બનતી સહાય આપવી. આ પરમાર્થબુદ્ધિ ટકવાનો માર્ગ છે.

પ્રશ્ન ૧૧—જૈનધર્મનો ઈતિહાસ જાણવા માટે ટુંકા ટુંકા—નાના નાના ચરિત્રો છે તે વાંચ્યા, તીર્થંકરોના ચરિત્રોને રાસો વાંચ્યા, તેમાં ધર્મપરીક્ષાનો રાસ વાંચતાં વિચાર થયો કે—આવું ખંડન મંડન શા માટે કર્યું હશે ? સૌના-પોતપોતાના વિચાર પ્રમાણે ઇશ્વરભક્તિ કરવાનો સૌને હક છે, તો તેમાં આપણે વચ્ચે શા માટે આવવું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—ઇતિહાસ જાણવા તેમજ બીજી હકીકતો જાણવા માટે તો તમે લખેલ છે તેવું વાંચન કર્યા કરવું. તેમાં પરમ લાભ છે. ધર્મપરીક્ષાનો રાસ પણ અમુક અપેક્ષાએ ઉપયોગી છે. સાર ને અસાર તમામ વસ્તુને સરખી જાણવી તે સુજ્ઞોનું કર્તવ્ય નથી, તેથી સારાસાર સમજવા માટે એવા પરીક્ષક ગ્રંથોની પણ અપેક્ષા છે. એમાં કાંઇ બીજાના હક ખેંચી લેવાની મતલબ નથી, પણ તે દ્વારા ખરીવાત સમજાવવાની—જીવોને ઠસાવવાની આવશ્યકતા છે.

પ્રશ્ન ૧૨—ઋષભદેવના વખતથી અન્ય ધર્મો હશે કે કેમ? હોવાનો સંભવ તો છે; કારણ કે ઘણી વખત અન્ય દર્શનીઓના તરફથી ઉપદ્રવ થયાની હકીકત આવે છે. અન્ય દર્શનીઓની ગીલોરાંકી જૈનો જેવી ન હોવાથી તેઓએ વધારે રખડપટ્ટી કરી છે, પરંતુ તેઓમાં જેઓ ઇશ્વરી પુરૂષ હોય તેમની સિદ્ધિ થાય કે નહીં? અને પરિણામે દરેક ધર્મનું રહસ્ય મળતું આવતું હશે કે કેમ? દરેક ધર્મવાળા એમ કહે છે કે—અમારો ધર્મ પહેલો અને અમારા ધર્મપુસ્તકો પ્રથમ લખાયેલા છે. એ બાબત ખરૂં શું સમજવું? મને ઘણા વખત સુધી તો શ્રીમદ્ રાજચંદ્રના અને સ્વામી વિવેકાનંદના પુસ્તકો ઉપર બહુપ્રતીતિ હતી પણ હવે સમજાયું છે કે તે સર્વ કરતાં આપણાં ધર્મશાસ્ત્રો અત્યંત શ્રેષ્ટ છે. તો હવે તેમાંનાં કયા પુસ્તકો વાંચવા? તે જણાવશો. હવે તો હું પ્રભુ પાસે માગું છું કે—'હાલ છું તે કરતાં અધોગમન ન થાય. આ સ્થિતિમાં ટકું ને આગળ વધું.' એજ ઈચ્છા વર્તે છે.

ઉત્તર—ઋષભદેવજી થયા પછી જેમ જેમ યુગલિકોમાં કષાયની વૃદ્ધિ થતી ગઈ તેમ તેમ નવાનવા ધર્મો પણ નીકળ્યા. અન્ય દર્શનીમાં જે કોઇ ઇશ્વરી પુરૂષ હોય તે કે અન્ય ગમે તે જો જૈનમાર્ગમાં બતાવ્યા પ્રમાણે સમભાવમાં વર્તે તો તેની પણ સિદ્ધિ થાયજ. જૈનશાસ્ત્રમાં કહ્યું છે કે—

सेयंवरो य आसंवरो य, बुद्धो य अहव अन्नो वा ।
समभावभावी अप्पा, लहइ मुक्खं न संदेहो ॥ १ ॥

સમભાવની અપેક્ષાએ એકરૂપતા કહેવામાં હરકત નથી. તે વગર પરિણામે દરેક ધર્મનું રહસ્ય એકરૂપ હોવાનું કહી શકાય નહીં. દરેક ધર્મવાળા પોતાનો ધર્મ પહેલો કહે અને પોતાના શાસ્ત્રો પહેલાં કહે તેટલા માત્રથી કાંઇ કાર્યસિદ્ધિ થતી નથી. કાર્યસિદ્ધિ તો તેમાં રહેલા ઉચ્ચ તત્ત્વોના અભ્યાસ—પરિશીલનથી અને તેના આરાધનથીજ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે તમારે અધ્યાત્મને લગતા ગ્રંથો વિશેષ વાંચવા. અધ્યાત્મ કલ્પદ્રુમ, અધ્યાત્મસાર, જ્ઞાનસાર, શાંત સુધારસ, ઉપદેશમાળા વિગેરે અનેક ગ્રંથો તે વિષયના ગુજરાતી ભાષાંતરવાળા મળી શકે છે.

હવે પછીને માટે તમારો જે સદ્‌ભાવ વર્ત્તે છે તે બહુજ ઉત્તમ છે. તેવી ભાવનામાં વૃદ્ધિ કરવી. શ્રીમદ્ રાજચંદ્રમાં કે વિવેકાનંદના પુસ્તકોમાં સાર હોય તે ગ્રહણ કરવાનો નિષેધ નથી. વળી જૈનધર્મી–સમકિતીના હાથમાં તો મિથ્યાશ્રુત આવે તો તે પણ સમ્યક્‌પણે પરિણમે છે.

પ્રશ્ન ૧૩—ઉત્કૃષ્ટે કાળે ૧૭૦ તીર્થંકરો થાય છે તે ઉત્કૃષ્ટો કાળ કયારે સમજવો ? તે વખતે મહાવિદેહમાં ૨૦ વિહરમાન હોય કે નહીં ? એ વિહરમાન તીર્થંકરો પોતપોતાના મહાવિદેહની બત્રીશે વિજયમાં જઇ શકે કે નહીં ? અને એ સર્વના અધિષ્ટાયિકો જુદા જુદા હોય કે કેમ ? વિહરમાન જિન તીર્થંકરપણે કેવળજ્ઞાન પામેલા કાયમ મહાવિદેહમાં પામીએ કે કેમ ?

ઉત્તર—ઉત્કૃષ્ટો કાળ અવસર્પિણી ને ઉત્સર્પિણીના મધ્યમાં આવે છે. આ અવસર્પિણીમાં અજીતનાથજીને વારે ૧૭૦ તીર્થંકર વીચરતા હતા અને ઉત્સર્પિણીમાં એજ પ્રમાણે ૨૩મા તીર્થંકર વખતે ૧૭૦ વિચરતાહોય છે. તેમાં ૧૬૦ મહા વિદેહમાં ઉત્પન્ન થાય તેનું શરીર ૫૦૦ ધનુષ્યનું અને આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું સંભવે છે. પાંચ ભરત ને પાંચ ઐરવતમાં તો પ્રભુનું શરીર ૪૫૦ ધનુષ્ય પ્રમાણ અને આયુષ્ય ૭૨ લાખ પૂર્વનું સંભવે છે. સ્પષ્ટ અક્ષર વાંચવામાં આવ્યા નથી.

વીશ વિરહમાનનો સમાવેશ એ ૧૬૦માં સમજવો. માત્ર વીશ વિહરમાન જિનો મધ્યમ કાળે લાભે છે.

કોઈપણ તીર્થંકર પોતાનું ક્ષેત્ર કે વિજય છોડીને અન્યત્ર જતા નથી, એટલુંજ નહીં પણ તે ક્ષેત્રમાં છ ખંડ પૈકી જેમાં જન્મ્યા હોય તેમાંજ રહે છે.

દરેક તીર્થંકરોના અધિષ્ટાયિકો જુદા જુદા હોય છે.

વિહરમાન તીર્થંકર મહાવિદેહમાં જો કેવળજ્ઞાનીપણે નિરંતર વિચરતા પામીએ એમ હોય તો એકેકની પાછળ બીજા ૮૩–૮૩ જોઇએ, કારણકે તેમનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું અને કેવળીપર્યાય એક લાખ પૂર્વનો હોય છે. તેથી મહાવિદેહમાં સામાન્ય કેવળીનો વિરહ કદી પણ ન હોય એમ સંભવે છે. તીર્થંકર જન્મેલા પામીએ પણ કેવળી થયેલા પામીએ એમ સંભવતું નથી.

જઘન્ય કાળે દશ વિહરમાન પણ હોય છે. જઘન્ય કાળ કયારે હોય તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાંચવામાં આવેલ નથી.

પ્રશ્ન ૧૯-સવારે મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા વિહરમાનનું ધ્યાન કરવું અને રાત્રે સિદ્ધાચળાદિ તીર્થોનું ધ્યાન કરવું એ બરાબર છે?

ઉત્તર-એવી જુદી જુદી વિવક્ષા કરેલી વાંચવામાં આવી નથી. સવારના પ્રતિક્રમણમાં તે બંનેને સંભારી તેના ચૈત્યવંદન કરવામાં આવે છે.

પ્રશ્ન ૧૫-શ્રી સિદ્ધાચળનું સ્તવન 'સિદ્ધગિરિ ધ્યાવો, ભાવિકા! સિદ્ધગિરિ ધ્યાવો.' તેમાં ક્રમસર ચડતું ચડતું પુન્ય નંદીશ્વરાદિક તીર્થની યાત્રાનું બતાવ્યું છે અને છેવટે સર્વથી વધારે ફળ સિદ્ધગિરિ ભેટવાનું કહ્યું છે, તો એ ચડતી સંખ્યા પુન્યબંધની શા આધારે તે સ્તવનના કર્તાએ કહી હશે? અને સર્વ જીવને તે પ્રમાણે ફળ થાય એ વાત ખરી?

ઉત્તર-એ સંબંધનો ખુલાસો સિદ્ધગિરિના બીજા સ્તવનમાં તેના કર્ત્તા શ્રી પદ્મવિજયજીએ આપ્યો છે. તેમણે કહ્યું છે કે-'વ્યવહાર કેરી રે મધ્યમ ફળની એ વાત.' એટલે વ્યવહારનયથી મધ્યમ ફળ પૈકી એક પ્રકાર તે પ્રમાણે ફળ થવાનો સમજવો, બાકી જીવપરત્વે ઓછું વધતું ફળ થાય. તેને માટે તે સ્તવનમાંજ કહ્યું છે કે-'ઉત્કૃષ્ટ યોગે અંતર્મુહૂર્તમાં પણ મોક્ષફળ મેળવી શકે.' એટલે હવે આપણે વિચારવાપણું રહેતું નથી. આપણું તો ભાવની વિશુદ્ધિ જેમ બને તેમ વિશેષ કરવી એજ કર્ત્તવ્ય છે.

પ્રશ્ન ૧૬-ધર્મના ચાર પ્રકાર ઉપશમ, વિવેક, સંવર ને સિદ્ધચક્ર એ છે કે કેમ? પુન્યપ્રકાશના સ્તવનમાં દશમાં અધિકારમાં મહા મંત્ર નવકારનું આરાધન કરવાનું કહ્યું છે તો તેનું કેમ? તેમાં નવપદ સમાઇ ગયા કે જુદા રહ્યા? અને તે સ્તવનમાં મેઘકુમારાદિકના નામો આપેલા છે તે બધાની કથા શેમાં છે?

ઉત્તર-ધર્મના ત્રણ પ્રકાર ઉપશમ, વિવેક ને સંવર કહેલ છે. સિદ્ધચક્રનો સમાસ તેમાં નથી. પુન્યપ્રકાશના સ્તવનમાં કહેલા નવકારમંત્રના સ્મરણમાં નવ પદનો-સિદ્ધચક્રનો સમાવેશ થઇ ગયો સમજવો.

એ સ્તવનમાં મેઘકુમારાદિકના જે જે નામો કહ્યાં છે તે બધાની કથા જુદા જુદા ગ્રંથમાં આપેલી છે. નવકાર માહાત્મ્ય, કલ્પસૂત્ર અને અન્ય કથાનક ગ્રંથોમાં છે.

પ્રશ્ન ૧૭-હેમચંદ્રસૂરિ, કુમારપાળાદિ અનેક મહાપુરૂષોના ચરિત્રો શેમાં છે [illegible] જણાવવા કૃપા કરશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર–તમે લખ્યા છે તે બધા મહાપુરૂષોના ચરિત્રો એક ગ્રંથમાં નથી; જુદા જુદા ચરિત્ર ગ્રંથોમાંથી ઉપલબ્ધ થઇ શકે છે, ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર, પરિશિષ્ટ પર્વ, પ્રબંધ ચિંતામણિ, કુમારપાળ પ્રબંધ, ઉપદેશપ્રાસાદ, વર્ધમાન દેશનાદિ અનેક ચરિત્ર ગ્રંથો તથા રાસો વાંચવાથી પ્રાયે ઘણા ચરિત્રો ઉપલબ્ધ થઇ શકશે.

પ્રશ્ન ૧૮–પ્રથમ હાલ છે તેટલી બધી જુદી જુદી જ્ઞાતિ હતી કે ઓછી હતી? અને તેઓ જો એક ધર્મ પાળતા હોય તો સાથે જમી શકતા હતા?

ઉત્તર–અગાઉ હાલ છે તેટલી બધી જ્ઞાતિઓ નહોતી, દિનપરદિન વધતી ગઈ છે. પ્રથમ એક ધર્મ પાળનારમાં પરસ્પર વ્યવહાર વધારે હતો. મહાવીર પરમાત્માના વખતમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, ને વૈશ્યને ક્વચિત્ ક્વચિત્ પરસ્પર કન્યા લેવા દેવાનો વ્યવહાર પણ હતો. તે શ્રેણિક, અભયકુમારાદિના ચરિત્રોથી જાણી શકાય છે. શુદ્રો સાથે વ્યવહાર પ્રાયે નહોતો એમ જણાય છે.

આ સંબંધમાં ઘણે ભાગે ચાલતા વ્યવહારને અનુસરવું પડે છે, કારણકે આપણે લોકોથી જુદા પડી શકતા નથી. તેમ લોકવિરૂદ્ધ કરી શકતા નથી. જ્ઞાતના પ્રબંધોને આધીન થવું પડે છે.

પ્રશ્ન ૧૯–લોકસ્વરૂપ ભાવના બાર ભાવનામાં દશમી કહી છે, તેમાં શું ભાવવું? અને તે ભાવના કયારે ભાવવી?

ઉત્તર–એ ભાવનામાં પ્રથમ લોકનાળિકાનું સ્વરૂપ ચિંતવીને પછી તેની અંદર રહેલા ષડ્દ્રવ્યોનું સ્વરૂપ ચિંતવવું. તેમાં પુદ્ગળનો સડણ, પડણ, વિધ્વંસન ધર્મ ચિંતવવો. આત્માના જ્ઞાન દર્શનાદિ ગુણોનું ચિંતવન કરવું. એ ભાવના કયારે ભાવવી? તેના સમયનો નિર્ણય નથી. ધર્મધ્યાનના ચાર પાયા પૈકી સંસ્થાનવિચયમાં આનો સમાવેશ થાય છે.

પ્રશ્ન ૨૦–ધર્મ એટલે શું? અને તેનું આરાધન શી રીતે કરવું? કયો ધર્મ શ્રેષ્ઠ ગણવો?

ઉત્તર–આ પ્રશ્ન ઘણો બહોળો છે. તેનો જવાબ વિસ્તારથી આ પત્રની અંદર આપી શકાય તેમ નથી, તેથી ટુંકામાં આપ્યો છે. શ્રુત ચારિત્ર લક્ષણ અથવા દર્શન, જ્ઞાન, ચારિત્ર લક્ષણ ધર્મ મોક્ષસાધક કહ્યો છે. તેમજ અહિંસા, સંયમ ને તપ લક્ષણ ધર્મ દશવૈકાળિકની આદિમાં વર્ણવ્યો છે. અથવા ક્ષમા, માર્દવ, આર્જવાદિ દશવિધ યતિધર્મ કહેલો છે. સાધુધર્મ ને ગૃહસ્થયોગ્ય ધર્મ એમ બે પ્રકારનો ને દાન શીળ તપ ને ભાવરૂપે ચાર પ્રકારનો વર્ણવેલો છે.

કુગતિએ પડતાં પ્રાણીને ધરી રાખે, દુર્ગતિમાં પડવા ન દેય તેને ધર્મ કહીએ. તેનું આરાધન વિષય, કષાય, અવ્રત, પાપસ્થાનાદિકનો ત્યાગ કરવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સમકિત, વ્રત, તપ, જપ, સંયમાદિક અંગીકાર કરવાથી થાય છે. દરેક ધર્મવાળા પોતાના ધર્મને શ્રેષ્ઠ કહે છે, પરંતુ જૈનશાસ્ત્રકાર તો કહે છે કે-

" મહાવીરસ્વામી પ્રત્યે મારે પક્ષપાત નથી અને કપિલાદિકની સાથે મારે દ્વેષ નથી. જેનું વચન યુક્તિવાળું હોય તે ગ્રહણ કરવું.(અમારે તે પ્રમાણ છે)" આમ કહેવા ઉપરથી પરીક્ષા કરતાં જૈનધર્મ જેવો બીજો કોઈપણ ધર્મ પરીક્ષામાં પૂરેપૂરો ઉતરી શકતો નથી, તેથી તેને ગ્રહણ કરવો, માનવો, તેમાં કહ્યા પ્રમાણે વર્તન રાખવું, શંકાદિ દૂષણો દૂર કરવા.

આ પરીક્ષાનું વર્ણન અહીં કરી શકાય તેમ નથી, કારણકે તેમાં બહુ હકીકતો લખવી પડે તેમ છે.

**પ્રશ્ન ૨૧–ધર્મસંબંધી ચમત્કાર બતાવનાર રામકૃષ્ણ પરમહંસ જેવા હાલ કોઇ વર્તે છે ?**

ઉત્તર–કદી કોઈ એવો ચમત્કાર બતાવે તો તેથી કાંઇ તેનો કહેલો ધર્મ શ્રેષ્ઠ કહી શકાતો નથી. પૂર્વે ઘણા જૈનાચાર્યોએ અનેક પ્રકારનાં ચમત્કારો બતાવ્યા છે પણ પ્રાંતે તેને હેય કહેલ છે, માટે ચમત્કાર ને નમસ્કાર ન કરતાં ગુણ અને ગુણીને નમસ્કાર કરવો.

# प्रश्नोत्तर.

## ( ૨ )

### ( પ્રશ્નકાર ભાઇ જીવનલાલ રાયચંદ. બનેડા )

**૧ પ્રશ્ન**—જિનપૂજામાં કયા કયા ફુલો વપરાય ? કણેરના કે હજારીગલના વપરાય કે નહીં ?

૧ ઉત્તર—જિનપૂજામાં કયા કયા પુષ્પો વપરાય તે દરેકના નામ જાણવામાં નથી. જે પુષ્પ સુગંધી હોય અને સુંદર હોય તે ચઢાવી શકાય છે. કરેણના ચઢાવાતા નથી. હજારીગલના ફુલ માટે હું જાણતો નથી.

૨ પ્રશ્ન—પૂજા ભણાવી રહે ત્યારે દરેક પૂજાને અંતે ઝાલર ઉપર ૨૭ ટકોરા વગાડે છે તેનું શું કારણ ? સાધુના ૨૭ ગુણ સાથે તેને સંબંધ છે ?

૨ ઉત્તર—દરેક પૂજાને અંતે થાળી કે ઝાલર વગાડતાં ૨૭ ડંકા વગાડવામાં આવે છે તેનું ખાસ કારણ કાંઇ નથી, ઠીક લાગે છે તેજ કારણ છે. સાધુના ૨૭ ગુણ સાથે તેને સંબંધ નથી. પૂજા ભણાવનારની સંખ્યા વધારે હોય, ત્યારે પૂજા પૂરી થાય તેની પૂજામાં ઉભા રહેનારાઓને ખબર પડે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણથી તથા પ્રાતે માંગળિક સૂચવવા ખાતર ઝાલર વગાડવાનો રીવાજ હોય તેવો સંભવ છે.

૩ પ્રશ્ન—આરતિ ઉતારતાં લુણ ઉતારવામાં આવે છે તેની ખાસ જરૂર છે ? લુણ ન ઉતારાય તો ફળમાં કાંઈ ટોટો ખરો ?

૩ ઉત્તર—આરતી ઉતારતાં લુણ ઉતારવા સંબંધી વિધિમાં લખેલ છે; પણ દરરોજના સ્નાત્રાદિ વખતે લુણ ઉતારવુંજ જોઈએ એવો નિરધાર નથી તેમ પ્રવૃત્તિ પણ નથી, ફળમાં ઘટાડાનો સંભવ નથી.

૪ પ્રશ્ન—મંગળ દીવો ઉતારતાં આરતી ઉતારનારને પ્રભુની આડો પડદો રાખીને કંકુના તિલકો કરવામાં આવે છે તેનું શું કારણ ?

૪ ઉત્તર—પ્રભુની પૂજા કરનાર પણ પૂજનિક થાય છે એ અપેક્ષાએ આરતી ઉતારનારને નવ અંગે કંકુના તિલક કરવામાં આવે છે. પ્રભુની આડો પડદો તો પ્રભુની આશાતના ન થવાના કારણે રાખવામાં આવે છે.

૫ પ્રશ્ન—મુઠ્ઠિસહી, વીંટસી વિગેરે પચ્ચખ્ખાણ ગાડીમાં બેઠા બેઠા ઘોડા ઉપર બેસીને પરાય ? અથવા ખાટલા કે ખુરશી ઉપર બેસીને પરાય

૫ ઉત્તર-મુઠ્ઠિસહી, વિંટસી, ગંઠસી વિગેરે પચ્ચખ્ખાણો સ્થિર આસને બેસીને અથવા જમીનપર બેસીને પરાય. ગાડી કે ઘોડા ઉપર ન પરાય, નીચે ઉતરવું પડે. ખાટલા કે ખુરશીની અડચણ નથી.

૬ પ્રશ્ન—જીવને સુખ દુઃખ પ્રાપ્ત થાય છે તે પૂર્વના પુણ્ય પાપના ઉદયથી થાય છે, પણ આ ભવમાં કરેલા પુણ્યથી કે પાપથી સુખ દુઃખ પ્રાપ્ત થાય ખરૂં ?

૬ ઉત્તર—જીવને આ ભવમાં જે સુખ દુઃખ પ્રાપ્ત થાય છે તે પૂર્વ ભવના પુન્ય કે પાપના ઉદયથી થાય છે. આ ભવમાં બાંધેલ તીવ્ર પુન્ય કે પાપ આ ભવમાં પણ ઉદય પામે છે. કહ્યું છે કે

अत्युग्रपुण्यपापानाम्, इहैव फलमश्नुते ।

૭ પ્રશ્ન—તિવિહાર ઉપવાસ વિગેરેમાં મોં ધોતાં ટાઢું પાણી વપરાય અને એવે વખતે મોઢામાં લોહી નીકળે તો તેથી અતિચાર દોષ લાગે ?

૭ ઉત્તર-તિવિહાર ઉપવાસાદિ પચ્ચખ્ખાણવાળો મુખનો બહારનો ભાગ ટાઢા ઉના બન્ને પ્રકારના પાણીથી ધોઈ શકે છે. મુખમાં ટાઢું પાણી ન જાય એટલો ઉપયોગ રાખવો પડે છે. મુખ ધોતી વખતે કે બીજે વખત મુખમાં અચાનક લોહી નીકળે તો અચિત્ત પાણીનો કોગળો કરી કાઢી નાખવું. એ અશકય પરિહાર હોવાથી અટકી શકે તેમ નથી. બાકી અંદર ખોતરીને કાઢવું નહી.

૮ પ્રશ્ન—સામાયિક કે પોસહમાં શ્રાવક બોલતી વખત મોઢા આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુહપત્તિ રાખવાનો ઉપયોગ ન રાખે તો દોષ લાગે ? મુહપત્તિ બાંધવાનો રીવાજ આપણા તપગચ્છમાં અગાઉ હતો અથવા હમણા છે ? આ બાબત વધારે સ્પષ્ટતાથી ઉત્તર આપશો.

૮ ઉત્તર—સામાયિક કે પોસહમાં શ્રાવકે બોલતી વખત મુખપાસે મુહપત્તિ અવશ્ય રાખવી, તેમાં ગફલત કરવી નહીં, મુહપત્તિ બાંધવાની વાત વ્યાખ્યાન વખતે મુનિરાજ માટે છે. હાલ કેટલાક મુનિ બાંધે છે, બહોળો ભાગ બાંધતો નથી. એ વિષે ચર્ચા ઉભી કરવાની જરૂર નથી. માત્ર સાધુ કે શ્રાવકે બોલતી વખત મુહપત્તિ મુખપાસે રાખવી, તેમાં ગફલત કરવી નહીં. એટલુંજ બસ છે.

## લાલા લજપતરાયે જૈનધર્મસંબંધે લખેલા લેખમાં વાંધા ભરેલા પાંચ મુદ્દાઓના ઉત્તર.

(લેખક–પંડિત લાલન)

મુદ્દો ૧ લો— ( ૧ ) જૈનલોગો યહ માનતે હૈં કિ જૈનધર્મકે મૂલ પ્રવર્તક શ્રી પાર્શ્વનાથ થે.

ખુલાસો— (૧) જૈન લોકો એમ માનતા નથી કે **સનાતન જૈન** ધર્મના મૂળ પ્રવર્તક શ્રી પાર્શ્વનાથ હતા; પરંતુ જૈન લોકો એમ માને છે કે અનાદિ કાળચક્રના બે ભાગ છે. એક ઉન્નત અને એક અવનત. તેમાંના અવનત વિભાગમાં આ સનાતન જૈન ધર્મના મૂળ પ્રવર્તક શ્રી ઋષભદેવ ભગવાન હતા, અને ત્યારપછી કાળે કાળે અન્ય મહાપુરૂષોએ મૂળ પ્રવર્તતા સિદ્ધાંતને સંપૂર્ણ વળગી રહી એ સિદ્ધાંતોને પહોંચી વળે એવી સમાન રચનાઓ ( તીર્થ સ્થાપના ) કરી. તીર્થ એટલે સંઘ(Brotherhood—Congregation). આ પ્રમાણે શ્રી પાર્શ્વનાથજીએ પણ મૂળ પ્રવર્તકના સિદ્ધાંતોને વળગી તીર્થ સ્થાપન કર્યું હતું.

**નોટઃ**—શ્રીમદ્ દયાનંદસ્વામી આર્યસમાજના કદાચ મૂળ સંસ્થાપક × ગણાય; પરંતુ વેદધર્મના મૂળ પ્રવર્તક કે પ્રચારક ન ગણાય; તેવીજ રીતે શ્રી પાર્શ્વ-

× લઘુતમ લાલન કહે છે કે–હું ભૂલતો ન હોઉં તો સ્વામીજીએ સ્વમુખે કહ્યું હતું કે હું આર્યસમાજનો મુરબ્બી (Patron) થવા માગતો નથી, હું તો આર્યસમાજનો એક સભ્ય થઈ શકું. આર્યો તો આપણે છીએજ, પરંતુ એ હાલ થઈ પડેલા આર્યસમુદાયમાંથી આપણે આર્યસમાજ (Organised institution) સ્થાપીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાથજી જૈન ધર્મના મૂળ પ્રવર્તક નહિ, મૂળ પ્રવર્તકના સિદ્ધાન્તને વળગીને તે વખતના જૈનો વર્તી શકે એવા નિયમોવાળો જૈનસમાજ તેમણે સ્થાપ્યો.

મુદ્દો ૨ જો—કુછ વર્ષકે પશ્ચાત્ ઉન્હોંને (શ્રી મહાવીરજીને) એક નવીન સંપ્રદાયકી નીવ ડાલી.

ખુલાસો ૨ જો—શ્રી પાર્શ્વનાથજીની પછી કેટલાકએક વર્ષે (આશરે ૨૫૦ વર્ષે) શ્રી મહાવીરસ્વામીજીએ નવીન સંપ્રદાયનો પાયો નાંખ્યો નથી, પણ આ અવનત કાળવિભાગના આદિ પ્રવર્તક શ્રી ઋષભદેવજીના અહિંસાદિ સિદ્ધાંતોને વળગીને જેમ શ્રી પાર્શ્વનાથજીએ સમાજરચના કરી હતી, તેમ શ્રી મહાવીરસ્વામીએ પણ કાળને યોગ્ય પરિવર્તન કર્યું. દાખલા તરીકે શ્રી પાર્શ્વ-નાથજીના સમયમાં સાધુગણોને અને ગૃહસ્થગણોને જે નિયમો પાળવાના હતા તેમાં સાધુઓને ચાર મહાવ્રત હતાં. એ કાળે સ્ત્રી પણ પરિગ્રહમાં સાથે ગણાતી હતી; એટલે સાધુઓને પરિગ્રહની સાથે સ્ત્રીનો ત્યાગ થતો, પરંતુ આ નિયમ શ્રી મહાવીરસ્વામીએ પોતાના સમયમાં યોગ્ય રીતે પળાય એટલા માટે સ્ત્રી-ત્યાગનું વ્રત છુટું ઉમેરી ચારને બદલે સાધુઓના સંબંધમાં પાંચ મહાવ્રત કર્યાં. આમ મહાવીરસ્વામીએ મૂળ પ્રવર્તકના સિદ્ધાંતને વળગી સમાજરચનાના નિય-મમાં પરિવર્તન કર્યું, પણ નવીન ધર્મ સ્થાપ્યો નથી.

મુદ્દો ૩ જો— જૈન સ્પષ્ટ રૂપસે ઇશ્વરકે અસ્તિત્વસે ઇન્કાર કરતે હૈ.

ખુલાસો ૩ જો:— જૈન લોક સ્પષ્ટ રૂપે ઇશ્વરનો સ્વીકાર કરે છે, પરંતુ પરાવલંબી માનવગણ પોતાથી ભિન્ન ઇશ્વરનો જેમ સ્વીકાર કરે છે, તેમ કરતા નથી. જૈનો અંતરાત્માની પરમ વિશુદ્ધિ થતાં પોતાના પરમ શુદ્ધ આત્માનેજ ઇશ્વર ગણે છે.

નોટઃ—સૃષ્ટિરચનાના સંબંધમાં જૈનોની એવી માન્યતા છે કે આ વિશ્વ ચેતન અચેતન એવા ઉભય પદાર્થોથી બનેલું છે. ચેતન પોતાની આંતરિક શક્તિ-ઓને દબાવી બાહ્ય શક્તિઓથી આંતરિક પુદ્ગલ પરમાણુઓને આ વિશ્વમાંથી ખેંચી નાના પ્રકારના સ્વરૂપો આપે છે. જેમકે એક ચેતને પુદ્ગલ પરમાણુ-ઓને પોતાની બાહ્ય શક્તિવડે આકર્ષી એવું પરિણામ બનાવ્યું કે જેથી વૃક્ષનું સ્વરૂપ ઉપસ્થિત થયું. આ પ્રમાણે જગત્‌ના સંસારી જીવો પોતાના સ્વરૂપો પોતાની ખરી આંતરિક શક્તિઓને દબાવી બાહ્યશક્તિઓવડે નાના સ્વરૂપે રચ-તા જાય છે. આ જ સૃષ્ટિરચનાનું કારણ જૈનો માની શકે.

મુદ્દો ૪ થો— જૈનધર્મકા સામાન્ય પ્રભાવ ભારતકે રાજનૈતિક અધઃપ-તનકા એક કારણ હુવાહૈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવયુગના સાધુ

રડતી પ્રજાને આશ્વાસન આપશે, એ આશ્વાસનમાં પોતાના હૃદયની સરિતાના વેગ વહેતા મૂકશે. પરાણે ધર્મપ્રેમ કે કદાગ્રહથી ધર્મક્રિયા નહિ કરાવે પણ ધર્મ તરફ પોતાના તેજથી આકર્ષશે ! અહિંસાવ્રતના મોંઘા અર્થો સમજાવવા દેશને તેમની પાસે નહિં જવું પડે, પણ તેઓજ પોતાના આચાર અને વિચારથી 'અહિંસા' શબ્દના અર્થરૂપ ભાસશે. ક્રોધ, લોભ, મોહ, માયાના મિત્ર નહિ પણ પ્રતિસ્પર્ધી બનશે–શત્રુ બનશે. શત્રુવટ ખેલતાં મહાન મહાન ક્રાંતિઓ થશે પણ અંતે તેઓ ફાવશે. ધીરજ અને નમ્રતા તેમની વાણીમાંથી મ્હેકી ઉઠશે. દુઃખી પ્રાણી દેખી દીલ દુભાશે. પ્રભુશ્રી મહાવીર જેવાને અનુસરીને સાચા ક્ષત્રી બનશે. **अशक्तिमान् भवेत् साधु** નો લાગો જૈનપ્રજા માટે નહિં હોય ! નહિ રાખે ! જૈન સાધુમંડળમાંથી એકાએક એકજ એવો હીરો બહાર નીકળી આવશે કે તેની પાછળ મોટા મોટા આચાર્યો અને ઉપાધ્યાયો અનુસરશે, તેના વચનમાંજ સિદ્ધિ સમજાશે, તેની આજ્ઞા પાળવામાંજ ધર્મ ગણાશે અને ધર્મના ધ્વજદંડ પુનઃ ફરકાવશે.

**નવયુગના સાધુ**

વિરોધીઓના પ્રચંડ વિરોધાદિ વચ્ચે પોતાનું નાવડું ઝપાટાબંધ નચિંત આગળ ધપાવશે. વચમાં ટેકરાઓ ખાડાઓ આવશે, પણ હિંમતબાજ સાધુઓ હિંમતના શસ્ત્રથી તેને કુદી જશે, તેની આંખમાંથી ઝરતી આત્માની જયોતથી જગતમાં દીવા પ્રગટાવશે, વેશથી સાદાઈના મંત્રોનો પુનઃ ગુંજારવ કરશે, આજના યુગમાં " ગાંધી અને ખાદી " શબ્દથી ભડકતા ભીનચારિત્રી કેટલાક સાધુઓ એજ ગાંધીની પ્રતિમામાંથી કાંઇક શીખવા માથું નમાવશે, ખાદી એ તો તેમનું સામાન્ય ઉંચી કોટીનું મહામૂલ્યવાળું વસ્ત્ર ગણાશે ! દેશને, સમાજને, ધર્મને ડુબતાં તારશે. !!

નવયુગના સાધુ

કપટી નહિં પણ ભોળા થશે, પણ એ ભોળપણમાં તેઓ લક્ષ્યબિંદુ નહિ ચુકે ! પાણી માગશે ત્યાં દુધ મળશે, પોતાના પાપોની ક્ષમા માંગી પશ્ચાત્તાપ કરશે અને એ પશ્ચાતાપથીજ તેઓ જગતને તરી જશે. છળ પ્રપંચ અને ઉચ્છૃંખળપણું નાશ પામશે. પોતાના કરતાં કોઇ વધુ સંસ્કારી સંસારીજન તેમને માલુમ પડશે તો અચૂક તેઓ તેને વંદના કરશે !!! તેમના વિહારો ઝપાટાબંધ નહિ થાય. ગામડે ગામડાની નાડીઓ તપાસશે, મંદ નાડીવાળાઓને દવા આપશે, ને દુર્ગંધીમાં સડતી રગોમાં સુગંધી પ્રસરાવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નવયુગના સાધુઓ**

પ્રાચીન કાળની માફક રાજા મહારાજા અને ચક્રવર્તીઓના મુગટો પોતાની ચરણધરામાં પ્રત્યક્ષ જોશે, ત્યારે એ સાધુઓ અમારીપડહની માગણી કરશે. તેમની ત્યાગવૃત્તિ નહિ કે ફકત કંચન અને કામીનિ પૂરતી રહેશે પણ વિલાસ વૈભવ અને દેહને ત્યાગની ભાવનાથી ભસ્મ કરશે. જૈનને સાચા જૈન બનાવશે. શલ્યાની અહલ્યા બનાવશે ! તેમની ભાષામાં ગલીચ શબ્દો નહિ આવે, તેમનો સ્વભાવ દ્વેષીલો નહિ હોય ! તેમની પાસે ફકત પાંચજ વસ્ત્રો હશે. મોટી મોટી સંસ્થાઓની કુંચી તેમની પાસે નહિ રહે, પણ દૃષ્ટિજ તેમની ઉપર રહેશે.

**નવયુગના સાધુઓ**

આંખમાં અમીરાત, જીભમાં નમ્રતા, સ્વભાવમાં ધૈર્યતા, ચિત્તમાં શાંતતા, અને આચરણમાં આદર્શ નીવડશે. ઓછું બોલશે પણ કરશે ઘણું, ઇંદ્રિયોપર વિજય મેળવશે અને તેથીજ જગતના ધન્યવાદોના પુષ્પોથી વધાવાશે.

( અપૂર્ણ )

**મહેતા પરભુદાસ " બંસી "--ભાવનગર.**

# મહાપુરુષોના વિચારરત્નો.

## સંગ્રાહકઃ–જયંતીલાલ છબીલદાસ સંઘવી–મોરબીવાળા–હાલ મુંબઈ.

**શાંત**—શાંતિ એ બળિષ્ઠનું શસ્ત્ર છે, ને તેના હાથમાંજ તે શોભે છે. હું પત્થરની શાંતિ નથી માંગતો. હું કબરસ્તાનની શાંતિ નથી ઇચ્છતો. આખી દુનિયાના બાણના વરસાદની સામે ખુલ્લી છાતીએ, એક માત્ર ઈશ્વરને આશરે ફરનારા મનુષ્યોના હૈયામાં વસતી શાંતિ મારે જોઇએ છીએ. (મહાત્મા ગાંધીજી)

**કરજ**—અફીણ કરતાં કરજ વધારે ઝેરી છે, અફીણ ખાનારનેજ મારે છે, ત્યારે કરજ દીકરાના દીકરાને પણ મારે છે.

**સદ્‌ઉદ્યોગ**—સદ્‌ઉદ્યોગ સદ્‌ભાગ્યનો સહોદર છે, આજની કિંમત આવતી કાલથી ડબલ છે, આજે બને તે કાલ ઉપર રાખો નહિ. ( શતાવધાની શ્રી રત્નચંદ્રજી મહારાજ )

**બાળ કેળવણી**---આપણા સંસારમાં છોકરો કે છોકરી ગમે તે હોય તેના કાનમાં સાસુ, વહુ, સાસરૂં એ શબ્દ ન્હાનપણથીજ પડે છે. આથી અકાળે ને અજાણપણે કુવાસના દાખલ થાય છે. ઘરમાં બાળકોને ઉછેરનાર, આખો દિવસ સંભાળનાર ઘાટીઓને બાળકોના કાનમાં અપશબ્દ અને બાળકોને ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંભળાવવા જેવી કુટુંબકથા સંભળાવતા કોણે જોયા નથી? નિશાળમાં ગૌરવદનના પુટરાં દેખાતાં છોકરાં કે જેઓ નીતિમાં શિથિળ ને અસંસ્કારી હોય છે, તેમની મોટી વયના છોકરાઓ શરૂઆતમાં નિર્દોષ મશ્કરી કરે છે અને આમ અનીતિના વિચારો દાખલ કરે છે. જે સમયે નવું લોહી ખીલાવું જોઇએ, શરીર બંધાવું જોઇએ અને ખીલતા ગુલાબની માફક શરીર ખીલવું જોઇએ, તે સમયેજ કાયગના હલકા વિચારથી ને આચરણથી ખાધે પીધે સુખ છતાં મોટાનાં છોકરાં શરીરે નબળાં અને નબળાંજ થાય છે. હિંદુસ્થાનની ભવિષ્યની પ્રજા ઉન્નત થાય એવી ઇચ્છા રાખનાર માબાપે અને શિક્ષકોએ નિશાળમાં રજા દરમિયાન બાળકો કયાં ફરે છે? શું ખાય છે? શું વાંચે છે? અને કેવી કેવી વાતો કરે છે? એની ખાસ તજવીજ રાખવાની જરૂર છે. છોકરાં ભણે છે, પહેલો નંબર રાખે છે, બહુ સારૂં ગાય છે, એમાંજ સંભાળ આવી જતી નથી, પણ છોકરા કે છોકરીમાં નીતિના કેવા સંસ્કાર પડે છે? કોની સાથે ફરે છે? અને કેવું વર્તન રાખે છે? તે જોવાનું છે. (ભોગિન્દ્રરાવ. ર. દ્વીવેટીઆ)

**પુસ્તકો**—સારાં પુસ્તકો એ વિદ્યાનો ખજાનો છે, જ્ઞાનનું એક મુખ્ય દ્વાર છે અને અમુક દ્રષ્ટિએ ખરો મિત્ર અને સાચો સત્સંગ છે.

(ગોવર્ધનરામ. ત્રિપાઠી)

**બાળકની પથારી**—બાળકને કઠણ પથારીમાં-ખુંચે એવી પથારીમાં સુવાની ટેવ પાડવી જોઇએ. આવી ટેવ પડે તો પછી ગમે તેવી પથારીમાં બાળક નિદ્રાનું સુખ અનુભવી શકે. સામાન્ય નિયમ એવો છે કે સખ્ત જીવન ગાળવા રહેણી કહેણી કઠણ રાખવાથી જીંદગીમાં આપણે ભારે આનંદ ભોગવીએ છીએ. સુખશીળીયું જીવન ગાળવાથી-કાયાને બહુ કોમળ કરી નાંખવાથી પારાવાર નુકશાની વેઠવી પડે છે. મશરૂની તળાઈ હોય તોજ ઉંઘ આવે એવી ટેવવાળાના કોઇ વેળા બૂરા હાલ થાય, પરંતુ ચટાઇ કે જમીન ઉપર સુવાની ટેવવાળાને હમેશાં આનંદજ હોય છે. ઉંઘ તુરત આવી જાય એવી તંદુરસ્તી હોય એને સુંવાળી કે કઠણ પથારીની પરવા નથી. (રૂસો)

**વર્તન**—જીવનનો ત્રણ ચતુર્થાંશ ભાગ વર્તનમાં આવી રહેલો છે.

(મેથ્યુ. આર્નોલ્ડ)

**કરકસર**—કરકસર એક ભાઈની ગરજ સારે છે, પણ તે કૃપણતામાં ન ભળે ત્યાંસુધી. કૃપણતા એ મ્હોટું કલંક છે.

**ઘર**—દરેક ઘરને સત્યજ્ઞાનનો બગીચો બનાવો, કે જેથી આવનાર માણસને સદ્બોધરૂપ પુષ્પની સુગંધીનો લાભ મળે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**માણસની શોભા**—જેમ સૂર્યથી દિવસ, ચંદ્રથી રાત્રિ, અને સુપુત્રથી કુળ શોભે છે તેમ બુધ્ધિના પ્રકાશથી માણસ શોભે છે.

**વડીલોની આજ્ઞા**—પૂજ્ય વડીલોની આજ્ઞા નહિ પાળો, અને તેમનું સન્માન નહિ કરો, તો તમારી સંતતિ તરફથી તમારી આજ્ઞાનું પાલન થાય કે તમારૂં સન્માન થાય એવી આશા રાખવી ફોકટ છે.

( શતાવધાની શ્રી રત્નચંદ્રજી મહારાજ )

**ફરજ**—માણસ જેટલે અંશે પોતાની ફરજ બજાવે છે તેટલે દરજ્જે તે પ્રેમપાત્ર થાય છે.

**મનુષ્ય કર્તવ્ય**—વૈર લેવું કે કરવું એ મનુષ્યનું કર્તવ્ય નથી, પણ ક્ષમા એ તેનું કર્તવ્ય છે. ક્ષમા એ વીરતાનો ગુણ છે.

**એકાગ્રતા**—એક કામ પૂરૂં ન થયું હોય ત્યાંસુધી તેને માટેજ જીવવું અને તેને માટેજ મરવું એ મ્હારો સિદ્ધાંત છે.

**પ્રતિજ્ઞા**—પ્રતિજ્ઞા લઇને જે તોડે છે તે હેવાન બની જાય છે, નામર્દ બની જાય છે, પ્રતિજ્ઞા લેવીજ નહિ એ બહેતર છે, પણ પ્રતિજ્ઞા લઇને તોડવી એ ભારે ગુન્હો કર્યા બરાબર છે.

**ધર્મ**—જ્યાં ધર્મ નથી ત્યાં નથી વિદ્યા, નથી લક્ષ્મી, કે નથી આરોગ્ય. ધર્મ રહિત સ્થિતિમાં પૂરી શુષ્કતા છે, સર્વદા સર્વ રીતે શૂન્યતાજ છે. આવા ધર્મ-શિક્ષણને આપણે ખોઇ બેઠા છીએ, આપણી શિક્ષણપદ્ધતિમાં તેનું સ્થાનજ નથી. આ વાત એવી છે કે 'વર વિનાની જાન.' ધર્મને જાણ્યા સિવાય વિદ્યાર્થી કઇ રીતે નિર્દોષ આનંદ પ્રાપ્ત કરી શકે? ખરો આનંદ મેળવવા માટે શાસ્ત્રનું અધ્યયન, તેનું મનન અથવા વિચાર અને એ વિચાર અનુસાર અસ્ખલિત આચરણ આવશ્યક છે.

**(મહાત્મા ગાંધીજી)**

---

# ઉચ્ચ કેળવણી.

## તે મેળવવાના દ્વાર અને તેની આવશ્યકતા.

ઉચ્ચ કેળવણી એટલે મન અને હૃદયને સુવિચાર અને પવિત્ર ભાવનાઓથી અને શુભ પ્રવૃત્તિઓથી ખીલવવાં અર્થાત્ માનસિક શક્તિઓને પ્રબળ કરવી. તેમનાં મન સત્ય ન્યાય અને પ્રેમથી પૂર્ણ ભરવા કે જેથી મનમાં ખરાબ વિચારનો અંશ પણ ન આવવો જોઇએ અને તેમનું આચરણ નૈતિક બાબતો તરફ વળેલું હોવું જોઇએ.

"તેણેજ ખરી કેળવણી લીધી છે કે–જેની ઇન્દ્રિયો કાબુમાં છે. એટલે જે આત્મસંયમી છે અને જેનામાં દુર્ગુણ છેજ નહિ. તેજ કેળવણી પામ્યો છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમજુ ભાઈઓએ ખાસ સમજવાનું છે કે કોઈ પણ દેશનું કલ્યાણ જ્ઞાનવિના થતું નથી. જ્ઞાન એ એવો તેજસ્વી પ્રકાશ છે કે જેથી જ્ઞાની દરેક અદૃશ્ય ચીજ પણ જોઇ શકે છે, ને દરેક સુખ સમૃદ્ધિ મેળવી શકે છે; માટે ભાઈઓ ! તમે ગમે તે સ્થિતિમાં હો તો પણ તમારા બાળકોને અને બાળકીઓને ગમે તે પ્રકારે ભણાવો. તે વગર કદાપિ તમારો અભ્યુદય થશે નહીં. બુદ્ધના થોડાક દાખલા જુઓ—

હાથી જેવું મોટું પ્રાણી શાથી વશ થાય છે? અંકુશથી. ઘોડા જેવો જોરાવર આત્મા શાથી વશ થાય છે? લગામથી. બળદ જેવું બળવાન પશુ શાથી વશ થાય છે? રાશથી. કહો તેમને વશ કરવાની શક્તિ કોનામાં રહેલી છે ? મનુષ્યમાં. તે પણ બુદ્ધિના-ભણવાના પ્રતાપે. વીરપુત્રો ! ગમે તે પ્રકારે ભણો, ભણાવો, બ્રહ્મચર્ય પાળો, ગુરૂકુળ સ્થાપો, બહાદુર બનો, વીરપુત્રો થઇ શા માટે પુરૂષાર્થ કરતા નથી ? કર્મપર ન જીવો, તેનાપર આધાર ન રાખો, કર્મ શબ્દનો અંતર્ગત અર્થ કામ [ Action ] થાય છે તો તેને શા માટે તમે કામે લગાડતા નથી ?

તમે ગમે તે સ્થિતિમાં હો તો પણ ભણો ને ભણાવો, એથી બહુજ લાભ થશે. આપણા બાળકો બાળકીઓ કે જેમનાપર આપણા ભવિષ્યના ખરા સુખનો આધાર રહેલો છે, જેઓમાં સારા સંસ્કારોની છાપ પડવાથી આપણે ચડતીમાં આવવાની આશા રાખી શકીએ છીએ, તેમને ભણાવવાથી બહુજ લાભ થશે. જે ભણે છે તે આખી જીંદગી સુખી થાય છે. ખેડુત ચોમાસામાં ખેડે નહિ તો આખું વરસ પસ્તાય છે; તેમ જેઓ બાલ્યાવસ્થામાં ભણતા નથી તેઓ આખી જીંદગી સુધી પસ્તાય છે. બાળકોને સ્નીના પાસમાં નાખી પરણાવવાની લાલસા કરો છો ને બાળલગ્ન શબ્દ જે બોલ પ્રમાણે બાળી મૂકવો જોઇએ તેમ છતાં તે કરીને ફસાવો છો. ઉપાશ્રયમાં જનાર બાઈઓ તરફ જુઓ, કેટલી બાઇઓ વિધ.. છે ? તે બાળલગ્નનોજ પ્રતાપ. તેનું કાંઈ ભાન આવે છે ? જો આવતું હોય તો બાળલગ્ન ટાળી ફરજીયાત કેળવણી તરીકે ભણાવો. બુદ્ધિબળ માટે વધારે તો શું કહું ? કેળવાયેલું કુટુંબ કદી પણ અવનત દશામાં આવતું નથી. ભણે તેનું માનસિકબળ, શારીરબળ બહુજ જબરૂં બને છે, કારણ કે તે શૂરવીરપણે બ્રહ્મચર્ય યથાર્થ પાળી શકે છે. બ્રહ્મચર્યવાળાની સત્તાનું શું કહેવું ? તે અનંત બળનો ધણી થાય છે.

દોહરો.

વિદ્યાસમ કો ધન નહીં, અમૃત ફળ દાતાર;
કલ્પવૃક્ષ સમ જાણવી, પુરૂષોત્તમ સુખકાર. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# पुस्तको विगेरेनी पहोच.

## ૧ જૈન બંધુ. માસિક. ઇંદોર.

આ માસિક ચાલુ માગશર માસથી ઇંદોર ખાતે પ્રગટ થયું છે. તેનો પ્રથમ અંક મળ્યો છે. પ્રકાશક–ઓસવાલ મિશ્રીલાલ પાલરેચા છે. કદ ડેમી પૃષ્ટ ૨૦ નું છે. વાર્ષિક લવાજમ રૂા. ૨) છે. ભાષા હિંદી છે. ટાઇપ શાસ્ત્રી છે. લેખો જોતાં સારી આગાહી આપે છે. અમે તે માસિકની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

## ૨ જીવ વૃક્ષ.

જીવના ૫૬૩ ભેદની અંદર આઠ પ્રકારના વ્યંતરોના ઉત્તર ભેદ ૧૫૬ નો અને સિદ્ધના ૧૫ ભેદનો ઉમેરો કરી કુલ ૭૩૪ ભેદોનું આ વૃક્ષ બનાવ્યું છે. શ્રી આગમોદય સમિતિ તરફથી છપાયેલ છે. મુનિરાજ શ્રી સંપતવિજયજીએ તૈયાર કરી આપેલ છે. પાંદડાઓનો રંગ લીલો વિશેષ હોવાથી તેમાં લખેલા નામો બરાબર વંચાતા નથી. હવે પછી રંગ ફીકો અથવા બીજો રાખવાની જરૂર છે અને વ્યંતરોના ઉત્તર ભેદ દાખલ કરવાની ખાસ આવશ્યકતા નથી.

## ૩ શ્રી શમામૃત. છાયાનાટક વિગેરે.

આ નાટકમાં કર્ત્તાએ પોતાનું નામ આપેલું નથી. નાટક માત્ર ૧૦ પાનામાં આવેલું છે, પરંતુ બહુજ સુંદર છે. તેની પછી નેમિનાથજીનું એક સ્તવન અને બીજા તેમના ફાગ નાખ્યા છે, તે તો ગુજરાતી પદ્યબંધ છે. મુનિરાજશ્રી સંપતવિજયજીના શિષ્ય મુનિ ધર્મવિજયજીએ પ્રયાસ કરેલો છે. કિંમત રાખવામાં આવી નથી. ખાસ વાંચવા લાયક છે.

## ૪ ધર્મવીર–કુમારપાળ.

### (શ્રી હેમચંદ્રાચાર્યના ચરિત્ર યુક્ત-સચિત્ર.)

આ બુક શ્રી જૈન સસ્તી વાંચનમાળા–ભાવનગર તરફથી નંબર ૪ તરીકે હાલમાં બહાર પડેલ છે. કિંમત રૂ ૧–૪–૦ રાખેલ છે તે સસ્તા નામના હિસાબે વધારે લાગે છે. આરંભમાં પ્રસ્તાવના ઉપયોગી લખી છે. કુમારપાળના ચરિત્રની અંદર પણ ઘણી હકીકતોનો સંગ્રહ કરેલો છે.

## ૫ મહાવીર સ્વામીના–દશ શ્રાવકો.

આ બુક પણ ઉપર જણાવેલ સંસ્થા તરફથી બહાર પડેલી છે. કિંમત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



...નુ તેજ છે. પ્રારંભમાં ઉપોદ્ઘાત સારો લખ્યો છે. હશે શ્રાવકના અધિકારમાં શ્રાવકોપયોગી અનેક બાબતો સમાવી છે.

ઉપરની બંને બુકો રાખવા લાયક છે. અમે એ સંસ્થા આગળ ઉપર ત્યારે સારા પુસ્તકો સસ્તી કિંમતે બહાર પાડે એમ ઇચ્છીએ છીએ કે જેથી તેનો લાભ જૈન વર્ગ લઈ શકે.

## ૬ સંસ્કૃત ચૈત્યવંદન ચોવીશી સાર્થ. તથા ચઉસરણ પયન્નો સાર્થ વિગેરે.

આ બુક શ્રાવક ભીમસિંહ માણેક તરફથી ચોથી આવૃત્તિ તરીકે બહાર પડી છે. કિંમત લખી નથી. સોળ પેજી ૬ ફારમની બુક છે. સારી બાંધેલી છે. સંગ્રહ સારો છે, પરંતુ શુદ્ધતા ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવ્યું નથી તે ઠીક નથી. આશા છે કે હવે પછી તે બાબત ઉપર વધારે ધ્યાન આપવામાં આવશે. બુકમાં છેવટે રત્નાકર પચ્ચીશી અનુવાદ ને અર્થસાથે આપવામાં આવેલ છે.

## ૭ રત્નાકર પચ્ચીશી.

ઉપરની બુકમાંથી આ છુટી પાડેલ છે. માસ્તર શામજીનો કરેલો અનુવાદ પદ્યબંધ છે ને ગુજરાતી અર્થ છે. ટાઇપ શાસ્ત્રી રાખ્યા છે. કિંમત દોઢ આનો છે.

## ૮ કર્મ નિર્જરાશ્રેણી અને સદ્બોધ વાક્યામૃત.

આ બુક સાધ્વીજી પ્રમોદશ્રીજીના ઉપદેશથી શ્રાવક કપુરચંદ ઠાકરશીએ તૈયાર કરીને છપાવી છે. પ્રારંભમાં બે પયન્નાના અર્થ આપ્યા છે. કલ્યાણમંદિરના ૪૪ કાવ્ય ઉપર રચેલા ૪૪ ગીતો આપ્યા છે. જીવના ૫૬૩ ભેદની ગતિ આગતિ અને ૫૬૩ જીવ ભેદ ૬૨ માર્ગણા ઉપર ઘટાવ્યા છે. પાંચ કારણનું સ્તવન આપ્યું છે. સંગ્રહ સારો છે. કિંમત રાખી નથી. ભેટ આપવા માટેજ છપાવેલ જણાય છે. શ્રાવકની આર્થિક સહાય છે. ગતિ આગતિ વિગેરેમાં તેના અનુભવી પાસે શુદ્ધતા કરાવેલ નથી એ ખામી દૂર કરવાની ખાસ અગત્યતા છે.

## ૯ ભાવનગર કાંટાવાળા ડેલામાં અપાતા અન્નદાનનો સં ૧૯૭૫ થી ૧૯૭૮ સુધીનો રિપોર્ટ.

આ સ્થળે ગરીબ માણસોને ખીચડી, છાશ, રોટલા વિગેરેનો ખોરાક બેસાડીને આપવામાં આવે છે. આ બાબતમાં પરોપકારી પુરૂષો પ્રયત્ન કરે છે. અનેક ગૃહસ્થો તથા એસોસીએશનો આર્થિક સહાય આપે છે. આ હીસાબ દશ હજાર રૂપીઆનો છે. આવા હીસાબ છપાવાની ખાસ જરૂર છે. આ ખાતું ખાસ સહાય આપવા યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભાઈશ્રી ભૂધરદાસ વચ્છરાજનો ખેદકારક સ્વર્ગવાસ.

આ ગૃહસ્થે કાર્તિક વદિ ૧૦ મે આ વિનાશીદેહ તજી દીધો છે. પરંતુ એમની ધર્મપરની તીવ્ર લાગણી એ પ્રસંગે સારી રીતે જણાઇ આવી છે. વ્યાધિ અસાતાવાળો છતાં અસાતા વેદી નથી. અને દરેક બંધુને ઉપદેશ આપતાં–સંસારની અનિત્યતા સમજાવતાં સમાધિ મરણની રીતે દેહ છોડ્યો છે. અંત સમયસુધી વારંવાર ચાર આહારનો ત્યાગ કરી સાગારી અણસણ કરતા હતા અને આત્મરમણતામાં લીન રહેતા હતા. પુદ્‌ગળિક વસ્તુઓને કે સગાસંબંધીઓને ન સંભારતાં ચાર શરણ કરેલા તેનું સ્મરણ કરતા હતા. રાધણપુરના જૈન સમુદાયને એની ન પૂરાય તેવી ખામી પડી છે. એમણે પોતાની પાછળ બીલકુલ શોક સંતાપ ન કરવા કહેલું તેનો અમલ તેમની વિધવાએ પણ પૂર્ણ રીતે કર્યો છે. અમે તેમના સુપુત્ર કકલભાઈને, તેમની માતુશ્રીને, તેમજ તેમના સ્વજનોને અંતઃકરણથી દીલાસો આપીએ છીએ અને એ સદ્‌ગતિગામી જીવના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

## ભાઈ ત્રિભુવન ભીખાનું ખેદકારક મૃત્યુ.

આ બંધુ ત્રણ માસની માંદગી ભોગવીને માગશર વદિ ૪ થે ભાવનગરમાં પંચત્વ પામેલ છે. વય બાવન વર્ષની થઈ હતી. સ્વભાવ બહુ સારો હતો. સભાના મેમ્બર હતા. અમે તેમના કુટુંબને દીલાસો આપીએ છીએ અને તેમના આત્મ[illegible] શાંતિ ઇચ્છીએ છીએ.

## જૈન વિદ્યાર્થી સ્વયંસેવક મંડળ.

અમદાવાદની ત્રણ જૈન બોર્ડીંગોનું (શેઠ ચી. ન. શેઠ. લ. રા. શેઠ. પ્રે. મો.) એક સંયુક્ત " જૈન વિદ્યાર્થી મંડળ તા. ૧-૯-૨૩ ના રોજ સ્થાપવામાં આવ્યું છે. તેને અંગે એક " જૈન વિદ્યાર્થી સ્વયંસેવક મંડળ " પણ ઉભું કરવામાં આવ્યું છે. જે ભાઈઓ સેવાથી આ મંડળના સ્વયંસેવક મારફત લાભ લેવા ઇચ્છતા હોય તેઓએ નીચેના શિરનામે પત્રવ્યવહાર કરવો.

મંત્રી. જૈન વિદ્યાર્થી મંડળ. અમદાવાદ.
ઠે. શેઠ. ચીમનલાલ નગીનદાસ બોર્ડીંગ.

## જૈનપાઠશાળા માટે શિક્ષકની જરૂર છે.

પાંચ પ્રતિક્રમણ સૂત્ર અર્થ સહિત અને પ્રકરણમાળા અર્થ સહિતના બોધવાળા ને સંસ્કૃત વ્યાકરણના અભ્યાસીનો ખપ છે. પગાર વિષે નીચેને શિરનામે લખો.

શેઠ જમનાદાસ હીરાચંદ—છાણી–વડોદરાસ્ટેટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[illegible] આગમોદય સમિતિ. [illegible] ભાગ ૪ થો. [illegible] ૧૯૫૭[illegible].

કિંમત [illegible] રૂપીયા

આ ભાગ હાલમાં બહાર પડ્યો છે. એમાં એ ગ્રંથ પૂર્ણ થયો છે. એની [illegible] પીસકુલ મળેલી નથી, છતાં અનેક સંસ્થાઓને તેમજ મુનિમહારાજને [illegible] સાધ્વીજીને ભેટ અપાયેલ છે. જે મંગાવે તે સર્વને ભેટ આપવાના સંબંધમાં [illegible] વિચાર કરીએ. લાઇફ મેમ્બરનો કિંમતમાં એક રૂપીયો ઓછો લેવામાં આવે છે. પોસ્ટેજ આઠ આના લાગે છે. બહુજ ઉપયોગી છે.

## શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર દશે પર્વ મળી શકે છે.

### દરેક જૈન બંધુએ અવશ્ય રાખવા લાયક છે.

વિભાગ ૧ લો. પર્વ ૧–૨. શ્રી ઋષભદેવ–અજિતનાથ ચરિત્ર. ૩–૪–૦

વિભાગ ૨ જો. પર્વ ૩ થી ૬. શ્રી સંભવનાથજીથી મુનિસુવ્રત સ્વામી સુધીના ચરિત્રો. ૨–૪–૦

વિભાગ ૩ જો. પર્વ ૭–૮–૯. જૈન રામાયણ અને ૨૧–૨૨–૨૩ મા પ્રભુના ચરિત્રો. ૪–૦–૦

વિભાગ ૪ થો. પર્વ ૧૦ મું. શ્રી મહાવીર સ્વામી ચરિત્ર. ૨–૮–૦

ચારે વિભાગ સાથે મંગાવનાર પાસેથી રૂા. ૧૧) લેવામાં આવશે.

પરિશિષ્ટ પર્વ ભાષાંતર પણ આના સંબંધવાળુંજ છે. તેમાં શ્રી જંબુસ્વામીનું ચરિત્ર ૧૯ કથાઓ સાથે અને બીજા આચાર્યોનાં ચરિત્રો છે. ૧–૮–૦

## શ્રી પ્રિયંકર નૃપ ચરિત્ર ભાષાંતર.

આ શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના પ્રભાવ ઉપર આપેલું ચરિત્ર છે. તેની આ બીજી આવૃત્તિ છે. બહુ રસિક છે. વાંચવા માંડ્યા પછી પૂરૂં કર્યા શિવાય મૂકાય તેમ નથી, પ્રાંત ભાગમાં વધારે ગાથાના ઉવસગ્ગહરં આપેલા છે. કિંમત છ આના રાખેલ છે. પોસ્ટેજ ૦–૧–૬

## પ્રતિક્રમણના હેતુ.

પ્રતિક્રમણ કરનારા દરેક બંધુઓએ–શ્રાવકોએ તેમજ શ્રાવિકાઓએ ખાસ વાંચવા લાયક છે. તે વાંચ્યા પછી પ્રતિક્રમણ કરવામાં જુદોજ ભાવ પ્રગટ થાય છે. પ્રતિક્રમણની અંદરના સૂત્રોના અર્થ જાણનારને આ બુક વાંચતાં બહુ આલ્હાદ થાય તેમ છે. આવી ઉપયોગી બુક સાધુ સાધ્વીઓએ પણ જેઓ એ ગ્રંથ વાંચી ન શકે તેમણે વાંચવા યોગ્ય છે. કિંમત આઠ આના. પોસ્ટેજ એક આનો.

## શ્રી ઉમરાળા પાંજરાપોળ લોટરી. હેડ ઓફીસ–ભાવનગર.

### સ્વાર્થ સાથે પરમાર્થ સાધો.

સં૦ ભાવનગરની નામદાર કાઉન્સીલ ઓફ એડમીનીસ્ટ્રેશનની ખાસ પરવાનગીથી. બીજું ડ્રોઇંગ તા. ૧૩-૪-૨૪ રામનવમીના રોજ નીકળશે. ટીકીટ ૧૨૫૫૦. એક ટીકીટની કિંમત રૂ. ૧). ઇનામોની સંખ્યા ૭૧૬ છે. મોટું ઇનામ રૂ. ૧૫૦૦ નું છે ભાગ્ય અજમાવવાની આ સુંદર તકનો લાભ લ્યો.

For Private And Personal Use Only